# GCERT – ગાંધીનગર પ્રેરિત

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જૂનાગઢ આયોજિત

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૪ - ૨૫

તારીખ –૧૯ અને ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫








ડૉ. એમ. વાય. વ્યાસ
લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

એ. ડી. રાજ્યગુરુ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ







પોતાની શાળાનું SIC રજીસ્ટ્રેશન કરવા
બાજુમાં આપેલ QR કોડ સ્કેન કરો

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ

## જિલ્લા કક્ષા એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ

## વર્ષ- ૨૦૨૪-૨૫



પ્રસ્તાવના–

શિક્ષણમાં નામાંકન, સ્થાયીકરણ અને ગુણવત્તાલક્ષી શિક્ષણ આ ત્રણ મહત્વની બાબતો છે અને તેને સિદ્ધ કરવા માટે શાળા કક્ષાએ અથાગ પ્રયત્નો કરવામાં આવે છે. અપેક્ષા મુજબ સંતોષકારક પરિણામ મળે તે હેતુથી શાળા કક્ષાએ શિક્ષકો ચીલાચાલુ શિક્ષણ પ્રણાલીથી કંઈક નવું કરવા માટે પ્રયત્નશીલ છે. જેને આપણે નવતર પ્રયોગો તરીકે ઓળખીએ છીએ. આવા નવતર પ્રયોગો મહતમ શાળા અને શિક્ષકો હાથ ધરે અને દરેક શાળાના શિક્ષકો નવતર પ્રયોગોથી માહિતગાર થાય તે હેતુથી શિક્ષણ વિભાગ અને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો કાર્ય કરે છે. શિક્ષણમાં નવતર પ્રયોગો વિશે શિક્ષકો જાણે, તેની સાથે જોડાય અને અન્ય શિક્ષકો સાથે તેનું આદાન–પ્રદાન કરી શકે તે માટે શાળા કક્ષાએ હાથ ધરાતાં નવતર પ્રયોગોના પ્રચાર–પ્રસાર માટે જિલ્લા કક્ષાએ વર્ષે 2015- 16થી એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ યોજવામાં આવે છે.

આ વર્ષે દસમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ યોજાઇ રહ્યો છે. જેમાં જૂનાગઢ  જિલ્લાના પ્રાથમિક અને માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો શાળા કક્ષાએ ઉદ્દભવતી સમસ્યાના હલ માટે કંઈક નવું વિચારી તે સમસ્યાના નિવારણ માટે જે પ્રયત્નો કરેલા છે કે કરી રહ્યા છે તેના પરિપાક સ્વરૂપે તેઓને મળેલ પરિણામો કે ઉકેલ નવતર પ્રયોગો સ્વરૂપે રજૂ થનાર છે. આવા ઇનોવેટિવ શિક્ષક મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન.

શિક્ષણ ક્ષેત્રે થયેલ આ નવતર પ્રયોગોને વ્યાપક રીતે શિક્ષકોની સામે મૂકવાનો અહી પ્રયાસ કરવામાં આવ્યો છે. જિલ્લામાં આગવી કામગીરી કરતા શિક્ષકોના ઉત્તમ કાર્યને પ્રદર્શિત કરવાનો આ ઉપક્રમ છે, શિક્ષકો દ્વારા હાથ ધરાયેલા વિવિધ નવતર પ્રયોગોની વિવિધતા એ ધ્યાનાકર્ષક છે. જે આપ સૌ માટે પ્રેરકબળ પૂરું પાડશે.

**ફેબ્રુઆરી – 2025**

એ. ડી. રાજ્યગુરુ

પ્રાચાર્ય

DIET - જૂનાગઢ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ

## જિલ્લા કક્ષા એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ

## વર્ષ- ૨૦૨૪-૨૫

પ્રસ્તાવના –

"વિચાર વાવો અને કાર્ય લણો" આ ઉક્તિને સાર્થક કરવાના આશય સાથે શાળા કક્ષાએ નવતર પ્રયોગો હાથ ધરાય છે. આ નવતર પ્રયોગો સમસ્યાના નિવારણ કે કોઈ હેતુ સિધ્ધિને ધ્યાને રાખી હાથ ધરાતાં હોય છે. સમસ્યાના નિવારણ કે હેતુસિધ્ધિ માટે નવો વિચાર એ પહેલું પગથિયું છે. નવા વિચાર પછી બીજું પગથિયું છે તે વિચારનું અમલીકરણ એટલે કે ઉપયોગ. કોઈપણ વિચારનું મૂલ્ય તેના ઉપયોગમાં રહેલ છે. જો નવો વિચાર અમલમાં ન મૂકાય તો તેનું કોઈ મૂલ્ય રહેતું નથી. શિક્ષણની સમસ્યાઓ નવતર પ્રયોગોના માધ્યમથી ઉકેલાય અને ગુણવત્તાલક્ષી પરિણામ મળે તે હેતુથી ગુજરાત સરકારશ્રી દ્વારા શિક્ષણ વિભાગ અને જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ દરેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં **"ડિસ્ટ્રિક્ટ ઇનોવેશન સેલ" (DIC)** ની રચના કરવામાં આવી છે. જે જિલ્લાની શાળાઓમાં નવતર પ્રયોગો હાથ ધરતાં શિક્ષકોને માર્ગદર્શિત કરે છે અને મહતમ શાળા–શિક્ષકો નવતર પ્રવૃત્તિ સાથે જોડાય તેવા પ્રયત્નો કરે છે.

મોટાભાગના નવતર પ્રયોગો ગુણવત્તાલક્ષી શિક્ષણ માટે નામાંકન, સ્થાયીકરણ, વર્ગખંડ શિક્ષણ, શીખવા–શીખવવા માટે વિકસાવેલ સહાયક સાધન–સામગ્રી કે જે બાળકોના અભ્યાસને પ્રભાવિત કરતી હોય, તેમજ નિર્ધારિત લક્ષ્યો પ્રાપ્ત કરવામાં મદદરૂપ થતાં હોય તેના માટે અપનાવેલ નવીન કાર્યની નીપજ રૂપે મળેલ પરિણામો સાથે જોડાયેલા હોય છે. આવા પ્રકારનું કાર્ય કરનાર શિક્ષકોને પ્રોત્સાહિત કરવાના આશયથી અને તેમના કાર્યને અન્ય શિક્ષકો પણ જુએ તથા પોતાની શાળામાં આવા પ્રકારના નવીન કાર્યો હાથ ધરે તે હેતુથી યોજાઇ રહેલ એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ 2024–25 માટે પસંદ થયેલ નવતર પ્રયોગો પ્રકાશિત થઈ રહ્યા છે. જે આપ સૌને શિક્ષણની ગુણવત્તા સુધાર માટે દીવાદાંડી સમાન ઉપયોગી બનશે.

**ફેબ્રુઆરી – 2025**

**ડૉ. એમ. વાય. વ્યાસ**

DIC – DIET જૂનાગઢ

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ

## જિલ્લા કક્ષા એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ

### વર્ષ- ૨૦૨૪-૨૫

## અનુક્રમણીકા

## પ્રાથમિક વિભાગ


| ક્રમ | શિક્ષનું નામ | શાળા/સંસ્થા | તાલુકો | ઇનોવેશનનું નામ | પેજ નંબર |
|---|---|---|---|---|---|
| 1 | તેજસકુમાર રમણિકલાલ મહેતા | શ્રી ભાટસિમરોલી પ્રાથમિક શાળા | કેશોદ | વિજ્ઞાનના અવનવા રમકડાં | 1 |
| 2 | ઊર્જાબેન લયેશકુમાર હિંડોચા | શ્રી વાસાવાડી પે સેન્ટર શાળા,કેશોદ | કેશોદ | TOTALLY ACTIVITY BASED LEARNING WITH SCOREBOARD | 2 |
| 3 | ડોબરીયા જલ્પેશકુમાર વલ્લભભાઈ | શ્રી પીપળી પે.સેન્ટર શાળા | કેશોદ | પ્રાકૃત્તિક ખેતીનો હાથ અને તંદુરસ્તીનો સાથ | 3 |
| 4 | બોદર જાગૃતિબેન કરશનભાઇ | શ્રી ચાંદીગઢ પ્રાથમિક શાળા. | કેશોદ | અનુલેખનકાર્ય | 4 |
| 5 | સંઘાણી અમિતકુમાર કાનજીભાઈ | શ્રી પ્રાંસલી સીમ શાળા | કેશોદ | સ્માર્ટ લર્નિંગ | 5 |
| 6 | (૧) સંચાણિયા ઉષાબેન ચિમનભાઈ (૨) વણપરિયા કિરણબેન બાબુભાઈ | શ્રી વધાવી પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | આપણો ખજાનો-Jaadui Pitara | 6 |
| 7 | દેકિવાડીયા જલ્પાબેન જસમતભાઈ | સી.આર.સી કોર્ડીનેટર બીલખા કુમાર પે સેન્ટર | જૂનાગઢ ગ્રામ્ય | રૂઢિપ્રયોગનું સરલીકરણ | 7 |
| 8 | ભુવા શિતલબેન મનહરભાઇ | મંડલિકપુર પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | પ્રવૃત્તિ દ્વારા પર્યાવરણ સમજીએ | 8 |
| 9 | તુષાર અશોકભાઈ પંડયા | મંડલિકપુર પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | Science Curiosity through Scientists Biography | 9 |
| 10 | હાર્દિકકુમાર નટવરલાલ કાપડિયા | ભિયાળ પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | To Make A Joyful Learning | 10 |
| 11 | કલ્પેશ અનંતભાઈ સાંગીયા | ઉમરાળા પ્લોટ પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | જ્ઞાન સાથે ગમ્મત | 11 |
| 12 | 1.પ્રતાપસિંહ આર.જેઠવા 2.વિમલ જે.દવે 3. દુતિયા વિરલ પ્રકાશભાઈ | 1.બી.આર.સી ભવન વંથલી 2.બી.આર.સી ભવન વિસાવદર 3. બી. આર.સી ભવન જૂનાગઢ ગ્રામ્ય | વંથલી, વિસાવદર, જૂનાગઢ ગ્રામ્ય | રમતા રમતા ભણીએ | 12 |
| 13 | રાવલ વિપુલકુમાર પ્રેમવદનરાય | સરગવાડા પ્રાથમિક શાળા | જૂનાગઢ શહેર | ધ સન્ડે અમૃત સાપ્તાહિક | 13 |

| ક્રમ | શિક્ષનું નામ | શાળા/સંસ્થા | તાલુકો | ઇનોવેશનનું નામ | પેજ નંબર |
|---|---|---|---|---|---|
| 14 | હિરપરા નિરવભાઈ વ્રજલાલ | ભવનાથ પ્રાથમિક શાળા | જૂનાગઢ શહેર | સામાજિક વિજ્ઞાન સહેલું અને સરળ બન્યું | 14 |
| 15 | પીઠડીયા જસ્મીનભાઈ મનજીભાઈ | CRC - ક્લસ્ટર કન્યા શાળા નં.– ૪ | જૂનાગઢ શહેર | ટેકનોલોજી દ્વારા એકમ આધારિત સરળ મૂલ્યાંકન | 15 |
| 16 | રાઠોડ ચંદુલાલ રામજીભાઈ | શ્રી ઢોળવા પ્રાથમિક શાળા | ભેંસાણ | CET ફ્રી ઓનલાઇન ક્લાસ | 16 |
| 17 | પોંકયા સોનલબેન બાબુભાઈ | ખંભાળિયા પ્રાથમિક શાળા | ભેંસાણ | મોબાઈલ ઉપવાસ | 17 |
| 18 | મેર પ્રજેશકુમાર મહેશભાઈ | આંત્રોલી પે સેન્ટર શાળા | માંગરોળ | વ્યાવસાયિક વિકાસ માટે પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસમાં વધારો કરવો. | 18 |
| 19 | જગમાલભાઇ ભીમસીભાઈ પીઠિયા | શ્રી ઢેલાણા પે.સેન્ટર શાળા | માંગરોળ | એક ધ્યેય રાખવાથી અનુભવાતી મુશ્કેલીઓનું સચોટ માર્ગદર્શન | 19 |
| 20 | સિંધવડ રશ્મિ ગીરીશભાઈ | પી.એમ.શ્રી બંદર પ્રાથમિક શાળા | માંગરોળ | ગણિત વિષયને સરળ અને રસપ્રદ બનાવીએ | 20 |
| 21 | રાવલિયા તતિક્ષાબેન પરબતભાઈ | નાનડિયા પે. સેન્ટર શાળા | માણાવદર | સામાજિક વિજ્ઞાનની સરળ ટૂંકી ચાવીઓ | 21 |
| 22 | વસાણી યતિન ગોપાલભાઈ | પ્લોટ પ્રાથમિક શાળા બાંટવા | માણાવદર | hurberiyam hub | 22 |
| 23 | મંગલાનિ જાનકિ ગોવિંદરામ | શ્રી દેસિંગા પ્રાથમિક શાળા | માણાવદર | પ્રયોગશાળામાં ટેકનોલોજીનો ઉપયોગ | 23 |
| 24 | પટેલ ચિરાગકુમાર વૃજલાલ | શ્રી જાનુડા પ્રાથમિકશાળા | માળિયા | અંકોની અજાયબી | 24 |
| 25 | વાળા અભયસિંહ રાયસિંહ | શ્રી કન્યા શાળા કુકસવાડા | માળિયા | અક્ષરોની અનોખી દુનિયા | 25 |
| 26 | વાળા બહાદુરસિંહ વનરાજસિંહ | સી. આર. સી. આલીધ્રા | મેંદરડા | પુસ્તક પથ | 26 |
| 27 | ચાવડા ધર્મિષ્ઠાબેન હમીરભાઇ | બંટીયા પે સેન્ટર શાળા | વંથલી | રમતા રમતા શીખીએ | 27 |
| 28 | મયૂરીબા રાણાભાઇ દયાતર | રતાંગ પ્રા શાળા | વિસાવદર | *વર્ગ એ જ સ્વર્ગ* | 28 |
| 29 | મહિડા નીરૂબેન કનુભાઈ | શોભાવડલા ( લશ્કર ) પ્રાથમિક શાળા | વિસાવદર | ભાષાના કાવ્યોનું અભિનય સહ ગાન. | 29 |
| 30 | જોષી ચંદ્રેશકુમાર પ્રવીણકુમાર | શ્રી માંડાવડ પ્રાથમિક શાળા | વિસાવદર | લોક સહયોગથી શાળા કલ્યાણ | 30 |
| 31 | ભડેલીયા મનસુખભાઈ ગોરધનભાઈ | પીએમ શ્રી લાલપુર પે સેન્ટર શાળા | વિસાવદર | હરતી ફરતી પ્રયોગશાળા | 31 |
| 32 | પરમાર દક્ષાબેન દિલિપભાઈ | શ્રી બ્રહ્માનંદ વિદ્યામંદિર સૈનિક સ્કૂલ ચાપરડા | વિસાવદર | Presentation by students | 32 |
| 33 | દવે હાર્દ સંજયભાઈ | શ્રી બ્રમહાનંદ વિદ્યામંદિર સૈનિક સ્કૂલ ચાપરડા | વિસાવદર | નેતૃત્વ કૌશલ્ય પર મનોવિજ્ઞાનની અસર(psychology effect on leadership skill) | 33 |

## માધ્યમિક વિભાગ


| ક્રમ | શિક્ષનું નામ | શાળા/સંસ્થા | તાલુકો | ઇનોવેશનનું નામ | પેજ નંબર |
|---|---|---|---|---|---|
| 1 | ચૌહાણ ધર્મિષ્ઠાબેન પ્રવીણભાઈ | સરકારી એલ. કે. હાઈસ્કૂલ – કેશોદ | કેશોદ | ધોરણ ૧૦ના ગણિત-વિજ્ઞાન વિષયના નબળા વિદ્યાર્થીઓ માટે શાળા સિદ્ધિ કાર્યક્રમ | 34 |
| 2 | કલ્પેશ પરષોત્તમભાઇ શાંખલા | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા – બંધાળા | જૂનાગઢ ગ્રામ્ય | સહ અભ્યાસીક પ્રવૃત્તિઓની વિદ્યાર્થી જીવન પર અસરકારકતા | 35 |
| 3 | ડો. ઠાકોર હેમલભાઈ રાજેન્દ્રસિંહ | સ્વ.સ્વ.ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય જુનાગઢ | જૂનાગઢ શહેર | ગૂગલ ઉપકરણોનો વર્ગખંડમાં વિનિયોગ | 36 |
| 4 | વાઘેલા શૈલેન્દ્રસિંહ દીલાવરસિહ | સ્વ.ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય જુનાગઢ | જૂનાગઢ શહેર | શારીરિક કૌશલ્યના વિકાસ ની વિધાયક અસરો | 37 |
| 5 | ખુશ્બુબેન ગરાળા | ગવ્ર્મેન્ટ ગર્લ્સ હાઇસ્કુલ | જૂનાગઢ શહેર | શાળામાં બનાવીએ ઔષધીય બાગ | 38 |
| 6 | વૈષ્ણવ મીરા સતિષભાઈ | શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર – ચણાકા(ઉમરાળી) | ભેંસાણ | TEACHING THROUGH FIELD VISITS "ક્ષેત્રિય મુલાકાત દ્વારા શિક્ષણ" | 39 |
| 7 | ડૉ. હર્ષા ડી.પાડલીયા | શ્રીમતી એ. બી. યુ. દોશી હાઈસ્કૂલ, ચુડા | ભેંસાણ | ભારતનો ઝરૂખો | 40 |
| 8 | આસોદરીયા રાહુલકુમાર ભિખાભાઈ | શ્રી સરદાર પટેલ કન્યા વિધ્યાલય છોડવડી | ભેંસાણ | ટેકનોલોજી દ્વારા ભૂમિતિને સરળ રીતે સમજાવવી. | 41 |
| 9 | કોતલ રીઝવાન યુસુફભાઇ | શ્રી માધ્યમિક શાળા માંગરોળ | માંગરોળ | REAL TIME ALCHOHOL DETECTION AND AUTO CUTOFF ENGINE SYSTEM | 42 |
| 10 | ડો. પરેશભાઈ ગોહેલ | શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણિયા | માળિયા | શાસ્ત્રોનો શિક્ષણમાં વિનિયોગ | 43 |
| 11 | ભટ્ટ સંગીતાબેન મુગટરાય | ગ્રામ પંચાયત ગર્લ્સ હાઇસ્કુલ | માળીયા હાટીના | વ્યાકરણના જુદાજુદા મુદ્દાઓનું રમત દ્વારા શિક્ષણ | 44 |
| 12 | જિજ્ઞેશકુમાર મનસુખલાલ ચતુર્વેદી | શ્રી મિડલ સ્કૂલ – ભલગામ મોટા | વિસાવદર | સવાલ શોધન અને ગણિત પૃચ્છા | 45 |
| 13 | અઘેરા જયનાબેન ગંગદાસભાઈ | શેઠ બી. કે . મહેતા હાઈસ્કુલ – ઝંપોદડ | વંથલી | વિરામચિહ્નોની આંટીઘૂંટીમાંથી પૂર્ણવિરામ | 46 |


**“ Innovation is the key to unlocking the future of education. “**

1

❖ ઇનોવેટરનું નામ :- મહેતા તેજસકુમાર આર.

❖ શાળાનું નામ :- શ્રી ભાટ સીમાંરોલી પ્રાથમિક શાળા

તાલુકો :- કેશોદ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9429321524



# વિજ્ઞાનના અવનવા રમકડાં

- વિજ્ઞાન શિક્ષકે શાળામાં વિજ્ઞાન વિષય ગમતો બને તે માટે શાળામાં દિન વિશેષ ઉજવણી અલગ રીતે શરુ કરી. શાળામાં બધા બાળકો જાતે વિજ્ઞાનના પ્રયોગ, વિજ્ઞાનના રમકડાં જાતે બનાવે. તેમનો નવતર અભિગમ અમલમાં મૂક્યો જેમાં બાળકો પોતાની આસપાસ રહેતા નકામાં, બોટલ, ઘરમાં રહેલી નકામી ચીજ વસ્તુઓ વગેરે શાળાએ લાવે. શાળામાં તે તેમની જાતે બાળકોએ લાવેલી નકામી વસ્તુમાંથી પ્રયોગ બનાવવાની તાલીમ આપે.બાળકોએ જાતે વિજ્ઞાનના રમકડાં બનાવી એક અલગ ઓળખ ઉભી કરી. બાળકો દ્વારા બનાવેલ રમકડાંનો વિજ્ઞાનના અભ્યાસક્રમ સાથે જોડાણ કરી વિજ્ઞાન વિષય કેટલો રસપ્રદ લાગ્યો તેની બાળકોના પ્રતિભાવ, વાલીઓના પ્રતિભાવ પરથી બાળકોના વિષય શિક્ષણમાં લેવાતી કસોટીમાં ગુણવત્તામાં ફેરફાર જોવા મળ્યો.
- બાળકોએ શાળા કક્ષાના વિજ્ઞાન–ગણિત પ્રદર્શનમાં ભાગ લીધો. વિશેષ રીતે બાળકો વિજ્ઞાનદિન વિશેષમાં ક્વિઝ, ચિત્ર, ડિબેટ વગેરે આયામો ઉમેરાયા. જેનાથી બાળકોમાં સર્જનાત્મકતા, જિજ્ઞાસાવૃતિ, અવલોકન, ચોકસાઈ જેવા મૂલ્યોનો વિકાસ થયો.
- નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ : હાલ આ નવતર પ્રયોગ ચાલુ છે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે આ રમકડાં બાળકો બનાવી શાળા કક્ષાએ પ્રદર્શન યોજાય છે. આ નવતર પહેલની નોંધ ભારત વિકાસ પરિષદ કેશોદ,રામન સાયન્સ કલબ, BDCSC જેવી સંસ્થાએ લીધી છે.








- **ઇનોવેટરનું નામ** :- **ઊર્જાબેન લયેશકુમાર હિંડોચા**
- **શાળાનું નામ** :- **શ્રી વાસાવાડી પે સેન્ટર શાળા, કેશોદ**

  **તાલુકો** :- **કેશોદ,** **જિલ્લો** :- **જૂનાગઢ**
- **મોબાઈલ નંબર** :- **8980130012 / 9979493043 (wp no.)**

## TOTALLY ACTIVITY BASED LEARNING WITH SCOREBOARD

- કેશોદ ગામની શાળામાં શિક્ષકશ્રી ઊર્જાબેન લયેશકુમાર હિંડોચા વર્ષ-2023થી સામાજિકવિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે. સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકનના ભાગરૂપે આ ઇનોવેશન ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે છે.
- આ ઈનોવેશન અંતર્ગત, 1. 'જીતો જેક પોટ' પ્રોજેક્ટ (મુદ્દાસર ઉત્તર અંતર્ગત સચોટ લેખનકાર્ય થાય તેવા હેતુસર), 2. Bonus system, 3. Happy face pattern (long tail face, short tail face, happy face, crying face, sad face), 4. Educational Bingo game (નકશા કંઠસ્થીકરણ-કીટના માધ્યમથી+પાઠ આધારિત MCQS), 5. GK Book ( general knowledge + નકશાપૂરણી), 6. પ્રિય બાળકોને સક્રિય રાખવા ટીમવર્ક (બબ્બેની જોડી), 7.ગાન સાથે જ્ઞાન પ્રોજેક્ટ (માહિતીલક્ષી બાબતોના કંઠસ્થીકરણ માટે), 8. વાર્ષિક હાજરી સ્કોરબોર્ડ, 9. Role play, 10. ACTIVITY SCORE BOARD (ઉપરોક્ત કોઈપણ એક્ટિવિટીમાં મેળવેલા પોઇન્ટની એન્ટ્રી માટે)
- જ્યારે વર્ષ 2019/20માં ઊર્જાબહેને શાળામાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ આવતા આ જ પ્રોજેક્ટને મઠારીને ડિજિટલાઇજેશન કરી નાખ્યું. જેમાં તેમણે એક્સેલશીટમાં દરેક વર્ગખંડમાં ડિજિટલ પોઈન્ટ બોર્ડ તૈયાર કરી, દરેક શૈક્ષણિક બિનશૈક્ષણિક પ્રવૃતિના પોઈન્ટ દરેક વિદ્યાર્થીને તેમની પ્રગતિ પ્રમાણે આપી આ બોર્ડમાં દર્શાવવાં લાગ્યા. દરેક વિદ્યાર્થી પોતાના અને અન્યના પોઇન્ટમાં થતાં તફાવતને નિહાળી સતત પોતાનો સ્કોર અન્યથી વધારવા પ્રયત્નશીલ રહેતા હોય તેવું જોવા મળ્યું. આમ, જીવંત શિક્ષણકાર્યનો ઉત્તમ નમૂનો ઊર્જાબહેને પોતાના આ ઇનોવેશન દ્વારા પૂરો પાડ્યો તેવું કહી શકાય. કારણ કે શાળાને લગતી તેમજ વર્ગખંડને લગતી મોટાભાગની સમસ્યાઓ આ ઇનોવેશન દ્વારા હલ થઈ શકે તેવું આ ઇનોવેશનના ઊંડાણપૂર્વકના અભ્યાસ દ્વારા પ્રતિત થાય છે.



❖ ઇનોવેટરનું નામ :- ડોબરીયા જલ્પેશભાઇ વી .

❖ શાળાનું નામ :- શ્રી પીપળી પે .સેન્ટર

તાલુકો :- કેશોદ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9925087079



## પ્રાકૃત્તિક ખેતીનો હાથ અને તંદુરસ્તીનો સાથ

- જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાની શ્રી પીપળી પે સેન્ટર શાળામાં ગણિત /વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ ખેડૂત પુત્ર છે. પોતાના ખેતરમાં દેશીબીજ અને પ્રાકૃત્તિક ખેતીમાં રસ ધરાવે છે.
- અત્યારના સમયમાં ખેતરમાંથી ઉત્પન્ન થતા શાકભાજી, ફળ, કે ધાન્યમાં રાસાયણિક ઝેરનું પ્રમાણ વધ્યું, તેને કારણે કેન્સર જેવા રોગો ચિંતાનો વિષય છે. આ ચિંતાને દુર કરવા તેણે ખેડૂતભાઈઓનો સંપર્ક કરી પ્રાકૃત્તિક ખેતીની ચર્ચા કરી પણ તેઓએ રસ ન લીધો. તેથી તેણે તેની જ સ્કૂલમાં દરેક વિદ્યાર્થીઓ જીવામૃત, નીમ્નાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર, ઘન જીવામૃત, અગ્નિઅસ્ત્ર, આકડાનો બોળો, બીજામૃત, સુઠાસ્ત્ર, અજમાસ્ત્ર, સપ્તધાન્ય અંકૂર અર્ક, નીમયુરીયા, બાયોગેસ્ટર, વર્મીવોશ વગેરે જેવા ખાતર અને દવાઓ બનાવી શકે તેવો પ્રયોગ કર્યો.
- આ પ્રયોગની ફળશ્રુતિ એ મળી કે બાળકો અને તેનો પરિવાર આવી દવાઓ પોતાના ઘરે અને શાળાએ બનાવા લાગ્યા અને પોતાના ખેતર અને બાગબગીચામાં તેનો ઉપયોગ કરવા લાગ્યા.
- આ નાના બાળકો જયારે મોટા થશે ત્યારે તેને જે નાનપણમાં પ્રાકૃત્તિક ગુણ આપ્યા તે અહી વટવ્રુક્ષ સમાન બની જશે જે આપણા સમાજને ખેતી અને આરોગ્ય માટે ખૂબજ ઉપયોગી બનેશે અને આ ખેતીથી આપણું ગામ, તાલુકો, જિલ્લો, રાજ્ય અને આપણો ખેતીપ્રધાન દેશ પ્રાકૃત્તિકયુક્ત અને ઝેરમુક્ત બનશે.
- ઝીરો બજેટની ખેતીના યુગની શરૂઆતને વેગ મળશે આ વિચાર થકી આપણા દેશમાં બાળકો અને યુવાનોને શાળા અને કૉલેજમાં જ તેનું પ્રાકૃત્તિક શિક્ષણ મળે તેવો પ્રયત્ન કરીશું.






4



❖ ઇનોવેટરનું નામ :- બોદર જાગૃતિબેન કરશનભાઇ

❖ શાળાનું નામ :- શ્રી ચાંદીગઢ પ્રા. શાળા

તાલુકો :- કેશોદ જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9723103179

# અનુલેખન કાર્ય

- કેશોદ તાલુકાની ચાંદીગઢ પ્રાથમિક શાળામાં 13 વર્ષથી સામાજિકવિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે તથા સાથે ગુજરાતી વિષય પણ ભણાવે છે. તેઓ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને મૂલ્યશિક્ષણ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓ કઠિનબિંદુઓને સરળતાથી સમજાવવા પ્રયત્ન કરે છે તથા બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ખિલાવવાનું કાર્ય કરે છે.
- આ ઇનોવેશનમાં તેઓને ગુજરાતી વિષય સાથે સંકળાયેલ અનુલેખનકાર્યનો મુદ્દો રજૂ કર્યો છે.
- અનુલેખન કાર્યથી વિદ્યાર્થીઓના અક્ષરોમાં સુધારો જોવા મળ્યો.
- વિદ્યાર્થીઓને માન્ય જોડણી અને વિરામ ચિન્હો ની સમજ મળી
- વિદ્યાર્થીઓએ નિયમિત અનુલેખન કરે છે.અને નિયમિત વર્ગખંડમાં પ્રવેશતા તારીખ અને વાર સાથે અનુલેખન કાર્ય કરે છે.
- વેકેશન દરમ્યાન પણ અનુલેખન કાર્ય કરવું ફરજિયાત છે.એવી સૂચના આપેલ છે.
- અનુલેખનના નિદર્શનો નોટિશ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવે છે.
- શ્રુતલેખનમાં પણ સુધારો જોવા મળ્યો.
- વાલી સંપર્ક કરી વાલીગણને તેઓના ફ્રી સમયમાં અનુલેખન કરવવા જણાવવામાં આવે છે.
- અનુલેખનને કારણે વિદ્યાર્થીઓ અમુક પરીક્ષાલક્ષી પ્રશ્નો પણ યાદ રાખી શકે છે.
- યોગ્ય મરોડ સાથે બે શબ્દો વચ્ચે અંતર રાખી વિરામ ચિન્હો અને માન્યજોડણી સાથે લેખનકાર્ય કરતાં થયા. બાળકોના આત્મવિશ્વાસમાં સતત વધારો જોવા મળ્યો. આ કાર્યમાં ખૂબ સફળતા મળી.
- કઠિન લાગતી અધ્યયન નિષ્પત્તિઓનું પરિણામ ખૂબજ સારું જોવા મળ્યું અને ભવિષ્યમાં પણ આ અનુલેખન કાર્ય રૂટિન બની જશે જેનો ફાયદો વિદ્યાર્થીઓને પોતાના સારા લેખન કાર્ય માટે ઉપયોગી સિદ્ધ થશે.







5

❖ ઇનોવેટરનું નામ :- સંઘાણી અમિતકુમાર કાનજીભાઈ

❖ શાળાનું નામ :- શ્રી પ્રાંસલી સીમ શાળા

તાલુકો :- કેશોદ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9879085435



## સ્માર્ટ લર્નિંગ

- જૂનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાના પ્રાંસલી સીમ ગામમાં કે જ્યાં મોટા ભાગના લોકો પશુપાલન તથા ખેતમજુરી કરીને ગુજરાન ચલાવે છે.
- પ્રાંસલી સીમ શાળામાં સંઘાણી અમિતકુમાર કાનજીભાઈ ધોરણ ૧ થી ૫ માં શિક્ષક અને આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓ જોડાયા ત્યારથી જ ટેકનોલોજી દ્વારા શિક્ષણને સરળ અને અસરકારક બનાવવા પ્રયત્નો કરતા હતા.
- શાળાના તમામ બાળકોને ખૂબજ સારી રીતે ભણાવવા છતાં તેઓને યાદ રાખવામાં ઘણી મુશ્કેલી પડતી હતી. આ મુશ્કેલી તેમના માટે એક ખૂબજ સમસ્યા બની ગઈ આ સમસ્યાના નિરાકરણ માટે તેણે ધોરણ 1 થી 5 ના તમામ વિષયોના તમામ એકમોની સમજ વર્કશીટ દ્વારા આપવાનું નક્કી કર્યું. અને વાંચન – ગણન – લેખન માટે એક સંપૂર્ણ અભ્યાસક્રમ પ્રમાણે વર્કશીટ તૈયાર કરવામાં આવી.
- વાંચન માટે ક થી છેલ્લે ફકરા સુધીનું મટીરીયલ્સ બનાવ્યું અને તેમનું લેમીનેશન કરવામાં આવ્યું. આવીજ રીતે લેખન અને ગણન માટે મટીરીયલ્સ બનાવ્યું જેમાં બાળક ને રોજ મહાવરા માટે આ વર્કશીટનો ઉપયોગ કરવાથી બાળકમાં ઘણો સુધારો જોવા મળ્યો. બધા ધોરણમાં ૨૦% જેટલા બાળકો અભ્યાસમાં ઘણા નબળા હોય છે આવા બાળકોને આપણે સમય આપી શકતા નથી કારણકે હોશિયાળ બાળકોને અન્યાય ન થાય તે માટે ..
- આવા બાળકો માટે આ મટીરીયલ્સ ખાસ બનાવવામાં આવ્યું છે અને આની મદદથી બાળકોને ઘણો ફાયદો થયો છે પ્રજ્ઞા અભિગમ પ્રમાણે બાળક જે કાર્ડમાં હોય તે કાર્ડમાં તેને રોજ લેશન કરવાથી તેમાં ઘણો ફાયદો થાય છે જેમાં ગણિતમાં ચારેય ક્રિયાનો સમાવેશ થાય છે.
- આની યાદી શિક્ષક પાસે રાખવામાં આવે છે જેથી શિક્ષકને ખબર પડે છે બાળક હાલ ક્યાં છે ...
- આમ, આ નવતર પ્રયોગથી શાળા અને તમામ બાળકોને ખૂબજ ફાયદો થયો.

# 6




❖ **ઇનોવેટરનું નામ** :- (1) વણપરિયા કિરણબેન બાબુભાઈ

(2) સંચાણિયા ઉષાબેન ચીમનભાઈ

❖ **શાળાનું નામ** :- શ્રી વધાવી પ્રાથમિક શાળા

**તાલુકો** :- જૂનાગઢ (ગ્રામ્ય), **જિલ્લો** :- જૂનાગઢ

❖ **મોબાઈલ નંબર** :- (1) 9067154663 (2) 9824510702

## આપણો ખજાનો – જાદુઈ પિટારા

- જૂનાગઢ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની વધાવી પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી વણપરિયા કિરણબેન અને સંચાણિયા ઉષાબેન વર્ષ 2020 થી શાળામાં ફરજ બજાવે છે. બંને બહેનોએ બાલવાટિકા અને નાના બાળકો માટે આકર્ષિત રમકડાં બનાવવાનું શરૂ કર્યું.
- NEP-2020 અંતર્ગત જાદુઇ પિટારા જેવું જ બીજું સ્થાનિક કક્ષાએ બાળકોને આપવા માટે નજીવા ખર્ચે ‘આપણો ખજાનો’ બનાવ્યો.
- સ્થાનિક જાદુઇ પિટારામાં ગાજરિયું સસલું, શેડો ગ્લાસ, કસરત કાર્ડ, મારા ઘરમાં આવો, રૂમાલ દડી, અંકો દ્વારા ચિત્ર પઝલ, દોરો સરકાવવો, મેજિક બોટલ, મરઘીને દાણા, 3 in 1 વગેરે જેવાં રમકડાંને 12 દરવાજા વાળા ઘરમાં ગોઠવેલ.



- આપણાં ખજાનામાંથી રમકડું શોધવાની રમત રમશે. 3 પ્રયાસમાં ન મળે તો બાળક વર્તુળમાં બેસી જશે અને રમત આગળ ચાલશે.
- ‘આપણાં ખજાના’ દ્વારા બાળકો રમતાં-રમતાં સરવાળા – બાદબાકી શીખ્યા, કસરત કાર્ડ અને મેજિક બોટલ જેવા રમકડાંથી બાળકના સ્નાયુઓના વિકાસની ક્ષમતા સિધ્ધ કરી શકયા. રૂમાલ દડી જેવી રમતથી બાળકોની એકાગ્રતા કેળવી શકયા. આમ દરેક રમકડાં દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ કરી શકયા.



- આ નવતર પ્રયોગ ‘આપણો ખજાનો’ બાળકોના વિકાસમાં સર્વોતમ સાબિત થયો.

આપણો ખજાનો






7

❖ ઇનોવેટરનું નામ :- દેકીવાડીયા જલ્પાબેન જસમતભાઈ

❖ શાળાનું નામ :- બીલખા કુમાર પે.સેન્ટર શાળા

તાલુકો :- જૂનાગઢ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9265225523



# રૂઢિપ્રયોગનું સરલીકરણ

➢ સી.આર.સી કોડિનેટર શ્રી જલ્પાબેન દ્વારા જે રૂઢિપ્રયોગનું સરલીકરણ ઇનોવેશન કાર્ય કરવામાં આવ્યું તે સુંદર છે.

➢ શરીરના અંગો દ્વારા બાળકો ઝડપથી રૂઢિપ્રયોગ યાદ રાખી શકે છે તથા તેના રસ રુચિ જળવાઈ રહે.

➢ તેમજ વારંવારની પ્રેક્ટિસથી બાળકો રૂઢિપ્રયોગ વાક્ય ફકરા કે વાર્તામાંથી ઝડપથી અલગ તારવી શકે છે.

➢ આપણી માતૃભાષા છે તેનો રસાસ્વાદ માણી શકે છે.

➢ બાળકો રૂઢિપ્રયોગ આધારિત ફકરા તથા વાર્તા લેખન કે વાક્યમાંથી રૂઢિપ્રયોગ શોધી તેના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરી શકે છે





❖ ઈનોવેટરનું નામ :- ભુવા શીતલબેન એમ.

❖ શાળાનું નામ :- મંડલિકપુર પ્રાથમિક શાળા

તાલુકો :- જૂનાગઢ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 8758869734



# પ્રવૃત્તિ દ્વારા પર્યાવરણ સમજીએ

- બાળકો સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં વધુ ભાગ લે તેમજ શૈક્ષણિક વિકાસ થાય. બાળકો પર્યાવરણ વિષયમાં ઊંડાણપૂર્વક શીખે અને સમજે તે હેતુથી મંડલિકપુર પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી ભુવા શીતલબેન એમ. દ્વારા નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો.
- પર્યાવરણ વિષયનું પાઠ્યપુસ્તક માત્ર જ્ઞાનનું માધ્યમ જ નથી, પરંતુ બાળકોને તેમની આજુબાજુના સંસાધનો દ્વારા કે લોકો તેમનું પર્યાવરણ સમાચાર પત્ર વગેરે જ્ઞાનનું સર્જન કરવામાં મદદરૂપ થઈ શકે તેમજ બાળકોની સંવેદનશીલ સમજણ નો વિકાસ થાય તે માટે આ પ્રયોગ હાથ કરેલો હતો.
- બાળકોની અભ્યાસમાં રુચિ લેતા થયા અને પર્યાવરણ વિષયને ઊંડાણપર્વક સમજતા થયા. બાળકોના વિકાસ જોવા મળ્યો. વેસ્ટમાંથી બેસ્ટ પ્રવૃત્તિ જાતે કરવા લાગ્યા કલા સાથે જોડાણ ગયા વિદ્યાર્થીઓ પર્યાવરણ મુક્ત ચર્ચા અને અનુભવ રજૂ કરવા લાગ્યા. તેમજ વિવિધ પ્રયોગો પ્રક્રિયાથી પ્રેરણા મેળવવા લાગ્યા. ભીતચિત્રો દ્વારા પ્રાણીઓ અને મનુષ્ય વચ્ચેના ગાઢ સંબંધોને નજીકથી જોવા લાગ્યા.
- એક શિક્ષક તરીકે મને પણ પર્યાવરણ અને કુદરતી સંશાધનોમાં ખૂબ રસ અને રુચિ હોવાથી મારા દ્વારા જ મારા સમગ્ર વર્ગખંડમાં દીવાલ ચિત્રો બનાવવામાં આવ્યા. આ માટે મે આપણાં અભ્યાસક્રમમાં આવતા મુદ્દાઓ અનુરૂપ અને બાળકોને વર્ગખંડમાં આવવાનું અને નવું શિખવાનું વાતાવરણ ઊભું થાય એવા ચિત્રો દોરવામાં આવ્યા.
- હાલ બાળકો તેમના માતા-પિતાને શાળાએ લાવીને વર્ગખંડ બતાવીને એવા જ ચિત્રો પોતાના ઘરે બનાવવાનું કહે છે કે જેથી તેઓને જલ્દીથી બધું આવડી જાય.







9



❖ ઇનોવેટરનું નામ :- પંડ્યા તુષાર અશોકભાઈ

❖ શાળાનું નામ :- મંડલિકપુર પ્રાથમિક શાળા

તાલુકો :- જૂનાગઢ ગ્રામ્ય, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9428270910

# Science Curiosity through Scientists Biography

મંડલિકપુર પ્રાથમિક શાળાના અને જિલ્લા કક્ષાના એવોર્ડી ગણિત-વિજ્ઞાન શિક્ષક શ્રી તુષાર અશોકભાઇ પંડયા દ્વારા નવતર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો. તુષારભાઈએ સૌપ્રથમ તેના વર્ગખંડના દરેક વિદ્યાર્થીઓને નક્કી કરેલ અમુક વૈજ્ઞાનિકોના જીવન ચરિત્રની, શોધોની, તેમના કાર્યોની, તેમણે કરેલ સંઘર્ષની વાતો વાર્તા સ્વરૂપે કરવામાં આવી.

આથી મહત્તમ વિદ્યાર્થીઓમાં અનોખો જ રસ અને રુચિ આવવા લાગ્યા અને તેમણે વિજ્ઞાનના એ મુદ્દાઓ સમજાવ્યા જેમાં વિદ્યાર્થીઓને રસ ઓછો હતો પરંતુ હવે આ મુદ્દાઓ પ્રત્યે વિદ્યાર્થીઓનો દ્રષ્ટિકોણ અલગ અને હકારાત્મક હતો અને ત્યારે જ તેમને વિચાર આવ્યો કે આવી જ રીતે જો દરેક વિદ્યાર્થીઓ જ આમ વિવિધ વૈજ્ઞાનિકોના જીવનચરિત્ર અને તેની શોધો વિશે જાણીને તૈયાર કરીને આવે તો એક ઉત્તમ કાર્ય થશે.

તેમણે તેમના વર્ગના દરેક વિદ્યાર્થીઓને આ જાહેરાત કરી અને દરેક વિદ્યાર્થીઓ આમ વૈજ્ઞાનિકોની માહિતી પોતે શોધીને તેમનું લખાણ અને વક્તવ્ય તૈયાર કરીને આવ્યા. આમાં વિશેષ વાત તેમણે એ ઉમેરી કે જે વિદ્યાર્થીઓ આમ વક્તવ્ય તૈયાર કરશે તેમનો Short Video કે Reel બનાવવામાં આવશે અને તેને શાળાની YouTube ચેનલમાં મૂકવામાં આવશે.

હાલ આ શાળાની YouTube Channel મા એક પછી એક વિદ્યાર્થીઓના વિડિયો બનવા લાગ્યા અને વિદ્યાર્થીઓમાં હવે એક નવો ઉમંગ છે કે તેઓ પણ એ વૈજ્ઞાનિકોની જેમ દેશ અને રાજ્ય માટે કઈક નવું કરશે. તે દરેક વિદ્યાર્થીઓને સમજાય ગયું કે વિજ્ઞાન શીખવાથી આપણે બીજા લોકોથી અલગ અને જલ્દીથી આગળ વધી શકશું. વિદ્યાર્થીઓના માતા-પિતા પણ આ પ્રક્રિયાથી ખુશ છે અને તુષારભાઈને પણ આશા છે કે આ પ્રકારે તેમના વિદ્યાર્થીઓ જીવનની કોઈપણ સમસ્યાનું નિરાકરણ વિજ્ઞાનની મદદથી કરી નવી શોધો તરફ આગળ વધશે.








❖ ઇનોવેટરનું નામ :- હાર્દિકકુમાર એન. કાપડિયા

❖ શાળાનું નામ :- ભિયાળ પ્રાથમિક શાળા

તાલુકો :- જૂનાગઢ ગ્રામ્ય , જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :-9904813358



# To Make A Joyful Learning

- જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ગ્રામ્ય તાલુકાની ભિયાળ પ્રાથમિક શાળામાં ઉચ્ચ પ્રાથમિકમાં બાળકોને ગણિત અને વિજ્ઞાન જેવા વિષયમાં ખૂબ જ ઉત્સાહી શિક્ષકશ્રી હાર્દિકકુમાર એન. કાપડિયા આ.શિક્ષક તરીકે ફરજ બજાવે છે.
- તેના દ્વારા તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના વિજ્ઞાન પ્રદર્શનમાં પણ તેમના માર્ગદર્શન હેઠળ કૃતિઓ રજુ કરી ચુક્યા છે. તે ઉપરાંત ઇન્સપાયર એવોર્ડ માનાંકમાંથી શાળાની વિદ્યાર્થીની રાજ્યનું પ્રતિનિધિ તેમના માર્ગદર્શન હેઠળ IIT દિલ્હી ખાતે પણ ભાગ લઈ ચુક્યા છે.
- તેઓ બાળકોને વિજ્ઞાન વિષયમાં શાળાના બાળકોને વિવિધ પ્રવૃત્તિ થકી શિક્ષણ આપવાનો પ્રયત્ન કરે છે
- તેઓના આ નવતર પ્રયોગ IIT ગાંધીનગર દ્વારા વર્કશોપ ઉપરથી તેને શાળામાં બાળકોને કેવી રીતે આનંદદાયી શિક્ષણનો ભાગ બનાવી શકાય તે ઉપર પોતાનો અનુભવ ખરા અર્થમાં બાળકો પાસે અમલમાં મુક્યો તેની ફળશ્રુતી સ્વરુપે એક મહિનામાં જ તેનો પ્રભાવ જોવા મળ્યો અને બાળકોમાં સર્જનાત્મકતા સાથે થીંકીગ અને લોજીકલ સ્કીલનો વિકાસ થયો.
- બાળકો જાતે નવા નવા પઝલ અને પેપર વર્ક માટે ઉત્સાહિત જોવા મળ્યા.
- તેમના આ કાર્યની નોંધ શાળાના અન્ય શિક્ષકો માટે પણ ફળદાયી નિવડી રહી છે.








❖ ઈનોવેટરનું નામ :- સાંગિયા કલ્પેશ અનંતભાઈ
❖ શાળાનું નામ :- શ્રી ઉમરાળા પ્લોટ પ્રાથમિક શાળા
તાલુકો :- જૂનાગઢ, જિલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 8141596931



## જ્ઞાન સાથે ગમ્મત

- જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાના શ્રી ઉમરાળા પ્લોટ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી સાંગિયા કલ્પેશ આનંદભાઈ સતત શિક્ષણમાં નવા નવા ઇનોવેશન કરતા આવ્યા છે. છેલ્લા ઘણા સમયથી તેઓ આ ક્ષેત્રમાં સતત કાર્યરત છે.
- સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત ઐતિહાસિક ઘટનાઓ યાદ રાખવામાં બાળકોને મુશ્કેલી જણાતા તેઓએ જ્ઞાન સાથે ગમ્મત અભિગમ દ્વારા બાળકોને સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ લેતા કર્યા.
- સૌપ્રથમ તેઓએ બાળકોને જુથ કાર્ય દ્વારા ઐતિહાસિક ઘટનાઓની યાદી તૈયાર કરી અને તેના અલગ અલગ કાર્ડ તૈયાર કરાવ્યા, ઈસવીસન, ઘટનાક્રમ અને યુદ્ધ પરિણામના કાર્ડની ગોઠવણી કરી, બાદમાં બાળકોને રમત રમાડવામાં આવી ત્યારબાદ જૂથચર્ચાથી બાળકોની ઉદાસીનતા દૂર થઈ અને સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે અણગમો દૂર થયો.
- ઐતિહાસિક ઘટનાઓ યાદ રાખવામાં પડતી મુશ્કેલીઓ દૂર થઈ.
- આ પ્રવૃત્તિથી જે બાળકો અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા હતા તે પણ વિષય પ્રત્યે રસ દાખવતા થયા અને પ્રવૃત્તિમાં જોડાયા હાલ શ્રી ઉમરાળા પ્લોટ પ્રાથમિક શાળામાં ધોરણ છ થી આઠમાં 37 બાળકોમાંથી 30 બાળકો સામાજિક વિજ્ઞાન વિષયમાં આ પ્રવૃત્તિ સાથે જોડાયેલ છે.
- હાલ આ પ્રવૃત્તિ શાળાના વર્ગમાં ચાલુ છે.





❖ ઇનોવેટરનું નામ :- પ્રતાપસિંહ જેઠવા & વિમલ દવે & વિરલ દૂતિયા

❖ શાળાનું નામ :- બી.આર.સી ભવન : વંથલી & વિસાવદર & જૂનાગઢ ગ્રામ્ય

જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9099948990 / 9408892355



## રમતા રમતાં ભણીએ ...

- જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં સી.આર.સી કો ઓડિનેટર જેઠવા પ્રતાપસિંહ, વિસાવદર તાલુકાનાં બી.આર.પી નિપુણ દવે વિમલ ભાઈ, જૂનાગઢ ગ્રામ્ય તાલુકાના બી.આર.પી નિપુણ દુતિયા વિરલ ભાઈ પોતાની શાળા મુલાકાત દરમિયાન અનેકવિધ નાવીન્ય પુર્ણ પ્રયોગો કરતાં રહે છે.
- તેઓની શાળા મુલાકાત દરમિયાન તેમજ શિક્ષક તાલીમમાં પણ જાણવા મળેલ કે શાળામાં બાળકો અનિયમિત રહે છે. જેના લીધે બાળકોના શિક્ષણ પર તો અસર પડે છે. સાથે સાથે સહ અભ્યાસિક પ્રવૃતિમાં પણ તેઓની સહભાગીદારી ઓછી જોવા મળે છે. શિક્ષકો દ્વારા ઘણા પ્રયત્ન કરવા છતાં આવા બાળકોની હાજરીનું પ્રમાણ ન વધ્યું, ત્યારે આ ત્રણય મિત્રો દ્વારા પોતાના તાલુકાની શાળામાં આ મુશ્કેલીને દૂર કરવા માટે નવતર પ્રયોગ કરવામાં આવ્યો.
- "રમતાં રમતાં ભણીએ" આપણે જાણીએ છીએ કે પ્રત્યક્ષ અનુભવમાંથી શીખેલ બાબત સરળતાથી અને લાંબા સમય સુધી યાદ રહે છે. આ મિત્રોએ શિક્ષણ ને વિવિધ રમતો સાથે એ રીતે વણીને બાળકો સમક્ષ મુકવામાં આવ્યું. વર્ગ મુલાકાત સમયે અલગ અલગ રમતો દ્વારા ( રમતની વિવિધ સામગ્રી સાથે) વર્ગમાં રમત રમાડી રમત દ્વારા પાયાનું શિક્ષણ આપવામાં આવ્યું.
- આ પ્રયોગના પરિણામે બાળકોની હાજરીમાં વધારો થયો સાથે તેઓ વિવિધ પ્રવૃતિમાં સહભાગી થતાં તેમનામાં રહેલ સુષુપ્ત શક્તિનો વિકાસ થયો....







❖ ઇનોવેટરનું નામ :- રાવલ વિપુલકુમાર પ્રેમવદનરાય

❖ શાળાનું નામ :- સરગવાડા પ્રાથમિક શાળા

તાલુકો :- જૂનાગઢ શહેર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9427377686

## 'ધ સન્ડે અમૃત' - સામાહિક

➢ જૂનાગઢની સરગવાડા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી વિપુલભાઈ રાવલ પોતાની 27 વર્ષની શૈક્ષણિક યાત્રામાં છેલ્લા 14 વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જોડાયેલા છે.

➢ જાહેર સ્પર્ધાત્મક પરીક્ષામાં સામાન્ય જ્ઞાન અને વર્તમાન પ્રવાહોની અગત્યતતા સમજી તેમના દ્વારા શાળામાં જૂન-2024 થી નિયમિત રીતે 'ધ સન્ડે અમૃત'સામાહિક શરૂ કરવામાં આવેલ છે. આ સામાહિક નિર્માણ કાર્યમાં સહાયક રૂપે તેમણે ધોરણ 8 ની બે વિદ્યાર્થીનીઓ પસંદ કરેલ છે. તેમના દ્વારા સૌપ્રથમ સોમવારથી રવિવાર સુધીના વિવિધ વર્તમાનપત્રોને એકત્ર કરે છે. આ વર્તમાનપત્રોમાંથી દર રવિવારે સામાન્ય જ્ઞાન અને વર્તમાન પ્રવાહોના સમાચારોને અલગ તારવે છે.

➢ આ અગત્યના સમાચારોને શાળાના પ્રદર્શિત પેજમાં લગાવીને 'ધ સન્ડે અમૃત 'સામાહિકનું નિર્માણ કરવામાં આવે છે. દર સોમવારે તેને શાળાના પ્રાર્થના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ શાળાના નોટિસબોર્ડ પર પણ પ્રદર્શિત કરવામાં આવે છે. વિવિધ સોશિયલ મીડિયાના માધ્યમથી આ સામાહિકનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે અને આ રીતે અન્ય અભ્યાસુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે છે.

➢ પ્રત્યેક શૈક્ષણિક સત્ર દરમિયાન 'ધ સન્ડે અમૃત' સામાહિકનું પ્રદર્શન યોજવામાં આવે છે જેને શાળાના તમામ બાળકો, શિક્ષકો અને જાહેર પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ નિહાળે છે.

➢ તેમના દ્વારા શાળાના પ્રત્યેક સત્રમાં 'ધ સન્ડે અમૃત'સામાહિકના વિવિધ અંકોને આધારે ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે G.K. ટેસ્ટનું આયોજન કરીને બાળકોને મહાવરો આપવામાં આવે છે.

➢ G.K. ટેસ્ટમાં ભાગ લેનાર તમામને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

વિડીયો જોવા માટે

Quiz રમવા માટે

તમામ અંક Download





સરગવાડા પ્રાથમિક શાળામાં સમાચાર પત્રોનું પ્રદર્શન

સરગવાડા પ્રાથમિક શાળામાં ધ સન્ડે અમૃત નામના નાવીન્યપૂર્ણ સમાચાર પત્રોનું પ્રદર્શન યોજાયું હતું. જેનો વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ લાભ લીધો હતો. આ પ્રદર્શન અંતર્ગત વર્તમાન પ્રવાહો અને સામાન્ય જ્ઞાનની બાળકોને જાણકારી મળી રહે તે રહ્યો હતો. જૂન ૨૦૨૪થી અત્યાર સુધીમાં વિવિધ વિષયના ૨૨ પેઈજ અને આરઝી હકુમતના ખાસ ચાર પેઈજ બહાર પાડવામાં આવ્યા છે.



❖ ઇનોવેટરનું નામ :- નિરવભાઈ વી. હિરપરા

❖ શાળાનું નામ :- ભવનાથ પ્રાથમિક શાળા

તાલુકો :- જૂનાગઢ શહેર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9429114245

## સામાજિક વિજ્ઞાન સહેલું અને સરળ બન્યું

- જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેર તાલુકાની ભવનાથ પ્રાથમિક શાળાના શિક્ષક નિરવભાઈ વી. હિરપરા વર્ષ 2015 થી સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે.
- ભવનાથ પ્રાથમિક શાળામાં જોડાયા ત્યારથી જ શિક્ષણ ક્ષેત્રમાં રસ રુચિ વધતી રહે તેવા પ્રયત્નો કરીને કંઈક નવીનતા લાવવાના પ્રયાસો કરે છે.
- તેમને સમસ્યા એ હતી કે વર્ગખંડમાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ નબળો રહેતો હતો. બાળકોમાં સામાજિક વિજ્ઞાનમાં ખૂબ જ નિરસતા જોવા મળી.
- એકમ કસોટી સત્રાંત અને વાર્ષિક પરીક્ષા અને ટેસ્ટ મૂલ્યાંકનમાં સુધારો લાવવા માટે અને વર્ગ શિક્ષણ દરમિયાન ગેરહાજર રહેનાર બાળક પણ પ્રશ્ન જવાબ તૈયાર કરી શકે તે માટે સામાજિક વિજ્ઞાનના ધોરણ 6 થી 8 ના સ્વાધ્યાયના પ્રશ્નો જવાબની એક બૂકલેટ તૈયાર કરવામાં આવી.
- આ પ્રયોગથી એ પરિણામ આવ્યું કે જે વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમથી દૂર ભાગતા હતા તેને સામાજિક વિજ્ઞાનમાં રસ જાગતો થયો. વિવિધ પરીક્ષા અને મૂલ્યાંકન ટેસ્ટમાં સામાજિક વિજ્ઞાનના વિષયમાં માર્કસનો સ્કોર વધ્યો છે. અને માઈગ્રેસન થતા અને ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ માટે આ બુકલેટ ખૂબ જ અસરકારક બની છે.





નિરવ હિરપરા સામાજિક વિજ્ઞાન બુકલેટ

15



❖ ઇનોવેટરનું નામ :- જસ્મીનભાઇ એમ. પીઠડીયા

❖ શાળાનું નામ :- CRC, ક્લસ્ટર- કન્યા શાળા નં.- 4

તાલુકો :- જૂનાગઢ (City), જિલ્લો :- જૂનાગઢ


❖ મોબાઈલ નંબર :- 7016683965

## એકમ અધારિત સરળ મુલ્યાંક્ન

- જૂનાગઢ શહેરમાં ક્લસ્ટર કન્યા શાળા નંબર - 4 માં સી.આર.સી કો-ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા શ્રીજસ્મીનભાઈ એમ.પીઠડીયા શિક્ષણમાં ટેકનોલોજીનો ઉપયોગ કરી શિક્ષણ ને કેમ સરળ બનાવી શકાય તે બાબતે પ્રયત્નશીલ છે.
- આ વર્ષના નવતર પ્રયોગમાં તેમણે ટેકનોલોજીના માધ્યમથી મૂલ્યાંકન પ્રક્રિયાને કઈ રીતે સરળ બનાવી શકાય તેના માટે અને CETની પરીક્ષામાં વિદ્યાર્થીઓ કઈ રીતે સહેલાઈથી તૈયારી કરી શકે અને મૂલ્યાંકનને સરળ બનાવવા માટેના પ્રયોગ હાથ ધરેલ છે.
- Google ફોર્મની મદદથી વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિ અને એકમ વાઈઝ મૂલ્યાંકન થઈ શકે તે માટે google ફોર્મ બનાવી વિદ્યાર્થીઓને તેની લીંક મોકલવામાં આવે છે જેથી વિદ્યાર્થી પોતાની અનુકૂળતાના સમયે ઘરે આ લીંક ભરી શકે છે અને તે જ સમયે પોતાના માર્કને જાણી શકે છે.
- જે જગ્યાએ ભૂલ છે તે પણ જોઈ શકે છે જેથી વિદ્યાર્થીને જ્યાં ઉપચારાત્મક કાર્યની જરૂર છે ત્યાં પોતાની જાતે પણ કરી શકે છે.
- તેમજ સોશિયલ મીડિયાના અન્ય માધ્યમથી જેવી કે YouTube, G-shala, Edutor App., શિક્ષણ સાગર, શાળા મિત્ર, Google Along, Diksha App. વગેરેના ઉપયોગ માટે વિદ્યાર્થીઓને શાળા મુલાકાત વખતે માર્ગદર્શન આપે છે અને તેનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરે છે.







- ❖ **ઇનોવેટરનું નામ** :- **રાઠોડ ચંદુલાલ રામજીભાઇ**
- ❖ **શાળાનું નામ** :- **શ્રી ઢોળવા પ્રાથમિક શાળા**

  **તાલુકો** :- **ભેસાણ**, **જિલ્લો** :- **જૂનાગઢ**
- ❖ **મોબાઈલ નંબર** :- **9998190662**

# CET પરીક્ષાની તૈયારી માટે ફ્રી ઓનલાઇન ક્લાસ

- ➢ જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના શ્રી ઢોળવા પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી રાઠોડ ચંદુલાલ રામજીભાઇ સતત શિક્ષણમાં નવા નવા ઇનોવેશન કરતા આવ્યા છે. આ અગાઉ દ્વારકા જિલ્લામાંથી ત્રણ વાર શિક્ષણમાં ઇનોવેશન અંતર્ગત રાજ્ય કક્ષા સુધી પોતાનું ઇનોવેશન રજુ કરેલ છે.
- ➢ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી વિવિધ જાહેર પરીક્ષાઓ જેવી કે CET, જ્ઞાન સાધના, NMMS વગેરેની તૈયારી માટે તેઓએ ફ્રી ઓનલાઈન ક્લાસ શરૂ કર્યા છે.
- ➢ તેમણે ધોરણ પાંચના બાળકો માટે જવાહર નવોદય પરીક્ષાની સંપૂર્ણ તૈયારી અને માર્ગદર્શન શાળા સમય બાદ કરાવવામાં આવ્યું. જેમાં ધોરણ પાંચમાં ત્રણ બાળકોએ આ પરીક્ષા આપી જેમાંથી એક બાળક આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયું અને નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો.
- ➢ તેમના દ્વારા વર્ષ 2021-22 દરમ્યાન કોરોના કાળમાં શૈક્ષણિક અભ્યાસક્રમની સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ફ્રી ઓનલાઈન ક્લાસ દરરોજ એક કલાક શરૂ કરવામાં આવ્યા.
- ➢ તેઓએ વર્ષ 2023 માં CETના ફ્રી ઓનલાઈન ક્લાસ દરરોજ એક કલાક શરૂ કર્યા. જેમાં પ્રથમ વર્ષે જ 60 બાળકો જોડાયા. જેમાંથી 50 બાળકો મેરીટમાં અને ટોપ 10 સમગ્ર રાજ્યમાં સફળ થયા.
- ➢ બીજા વર્ષે 2024માં 70 બાળકોએ લાભ લીધો જેમાંથી 60 બાળકો ઉતીર્ણ થઇ મેરીટમાં સ્થાન પામ્યા.
- ➢ શ્રી ઢોળવા પ્રાથમિક શાળામાંથી કુલ પાંચ બાળકો મેરીટમાં સમાવેશ પામ્યા.
- ➢ ચાલુ વર્ષે આ ઓનલાઈન ક્લાસમાં જૂનાગઢ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાંથી 100 બાળકો પોતાના ઘરેથી મોબાઇલ દ્વારા દરરોજ સાંજે 5:30 થી 6:30 વાગ્યે જોડાઈ રહ્યા છે.
- ➢ ZIP GRADE એપ્લિકેશનનો ઉપયોગ કરી દરેક યુનિટ ટેસ્ટનું ઓનલાઇન મૂલ્યાંકન કરવામાં આવે છે.



❖ ઇનોવેટરનું નામ :- પોંકયા સોનલબેન બી.

❖ શાળાનું નામ :- શ્રી ખંભાળિયા પ્રા. શાળા

તાલુકો :- ભેસાણ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9898576981



# મોબાઈલ ઉપવાસ

- જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાની શ્રી ખંભાળિયા પ્રા. શાળાનાં શિક્ષક પોકયા સોનલબેન બી. ધોરણ 6 થી 8 માં તા. 05/09/2011 થી ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે.
- કોવિડ-19 પછીના શિક્ષણકાર્યમાં નડતરરૂપ સમસ્યા એ હતી કે વિદ્યાર્થીઓ ઘરે વધારે પડતો મોબાઈલનો ઉપયોગ કરતા થયાં છે. એવી વાલીશ્રીની વારંવારની ફરિયાદને નિવારવા માટે તેઓએ શાળામાં 'મોબાઈલ ઉપવાસ' એવો નવતર પ્રયોગ વર્ષ 2023-24 થી અમલમાં મૂક્યો. જે હાલમાં પણ શરૂ છે.
- આ નવતર પ્રયોગ પહેલા 97% જેટલા વિદ્યાર્થીઓ મોબાઈલનો દુરુપયોગ કરતાં હતાં જ્યારે હાલમાં 96% જેટલા બાળકો અઠવાડિયામાં એક દિવસ મોબાઇલથી દૂર રહી મોબાઈલ ઉપવાસ કરે છે.
- બાળકો દ્વારા તથા મોબાઇલના ઉપયોગની વાલીની ફરિયાદને નિવારવા પ્રયત્ન કરેલ.
- તેમાં વિદ્યાર્થીઓને મોબાઇલના ઉપયોગથી થતાં ગેરફાયદા વિશે સમજ આપવામાં આવતી.
- મોબાઇલથી દૂર રહેવા પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવતું.
- આના લીધે વિદ્યાર્થીઓએ નિશ્ચિત કરેલ દિવસે મોબાઈલ ઉપવાસ એટલે કે એક દિવસ માટે મોબાઇલથી દૂર રહેવા લાગ્યા.
- આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓમાં મોબાઇલના સદ્દુપયોગની સમજ, સંયમ, સંકલ્પશક્તિ અને મોબાઇલથી દૂર રહેવાની સક્ષમતા કેળવાઈ. અને મોબાઇલથી દૂર રહેવાના કારણે એકાગ્રતા કેળવાઈ.
- આ પ્રવૃતિ નાની-મોટી તમામ વ્યક્તિને લાગુ પાડી શકાય.







❖ ઇનોવેટરનું નામ :- મેર પ્રજેશકુમાર મહેશભાઈ
❖ શાળાનું નામ :- શ્રી આંત્રોલી પે.સેન્ટર શાળા
તાલુકો :- માંગરોળ, જિલ્લો :- જૂનાગઢ
❖ મોબાઈલ નંબર :- 6357176551

## વ્યાવસાયિક વિકાસ માટે પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓની અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસમાં વધારો કરવો.

- માંગરોળ તાલુકાના શ્રી આંત્રોલી પે સેન્ટર શાળામાં મેર પ્રજેશકુમાર મહેશભાઈ ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેમને બાળકોમાં વ્યવસાયિક જ્ઞાન અને આત્મવિશ્વાસનો અભાવ જોવા મળ્યો.
- શાળા પાસે બાળકોનાં ધ્યેયો, લાગણીઓ, ચિંતાઓ, ભય, સંબંધોને લગતી કોઇ નોંધ ન હતી.
- બાળકોને સમજવા માટે 4-5 મહિના થયા. બાળકો જયાં સુધી વ્યકત ન થાય ત્યાં સુધી શિક્ષણની પ્રક્રિયા અધૂરી રહે. પ્રજેશભાઈએ વિધાર્થીઓના ધ્યેયોને જાણવા માટેની પ્રશ્નાવલી રચી, જેમાં વીસ જેટલાં પ્રશ્નો અલગ-અલગ સમયે પૂછ્યાં. એવાં જ પ્રશ્નો પૂછ્યાં જેમાં તેના વ્યવસાયિક જ્ઞાનને પ્રોત્સાહન મળે.
- સ્થાનિક જરૂરિયાતને અનુરૂપ વિધાર્થીઓને પ્રાર્થના પહેલાંના ઝીરો પિરીયડમાં એકાદ કલાક સુધી પ્રશ્નોનાં સંપૂટ આપ્યાં. આ પ્રશ્નો અલગ-અલગ સમયે બે-ત્રણનાં જૂથમાં પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતા. તેનાં જવાબોનો સંગ્રહ કરવામાં આવ્યો.
- આ પ્રશ્નોના અભ્યાસથી વિદ્યાર્થીઓના વ્યવસાયિક જ્ઞાન વિશે અને તેને ગમતા ક્ષેત્ર વિશેની માહિતી પ્રાપ્ત થઈ. તથા તેના ભય, ચિંતા, તેને ગમતી અને ન ગમતી બાબતો, તેની સિદ્ધિઓ વિશેની માહિતી પ્રાપ્ત થઇ અને તેઓને સમજવાની શરૂઆત થઇ.
- વિદ્યાર્થીઓ દ્વારા પોતાના સ્વતંત્ર વિચારો વ્યક્ત કર્યા બાદ તેઓને તેમના વ્યવસાયિક ક્ષેત્રમાં આગળ વધવા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. પછી બાળકોને મુકત અભિવ્યક્તિની છૂટ આપવામાં આવી.
- મુકત અભિવ્યક્તિથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધ્યો, કલ્પનાશીલતા, સર્જનાત્મકતા વધી. તેઓ મૌલિકતાથી અન્ય વિષયોમાં ઉત્તરો આપતા થયાં તે ખૂબ મોટી સિદ્ધિ ગણાય.
- હાલમાં બાળકોની લાગણીઓ, ભય, ચિંતાઓ, સિદ્ધિઓ, ગમતી - અણગમતી બાબતો કોઇ માનાંક નથી. કોઇ પ્રમાણિત ટુલ્સની મદદથી માપન પણ થયું નથી. પણ તેમની પાસે તેનાં લખાણોની હસ્તપ્રત છે. જે પ્રજેશભાઈ માટે દીવાદાંડી સમાન છે. તેનો અભ્યાસ તેમને બાળકોને સમજવામાં ઉપયોગી સાબિત થયો છે.

19

❖ ઇનોવેટરનું નામ :- જગમાલભાઇ ભીમસીભાઈ પીઠિયા

❖ શાળાનું નામ :- શ્રી ઢેલાણા પે.સેન્ટર શાળા

તાલુકો :- માંગરોળ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 97244 81518



# એક ધ્યેય રાખવાથી અનુભવાતી મુશ્કેલીઓનું સચોટ માર્ગદર્શન

- વર્ષ દરમિયાન શાળામાં યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતા બાળકો જ્યારે એક જ ધ્યેય રાખી અન્યનું આંધળું અનુકરણ કરીને ભાગ લેતાં હોય ત્યારે તેમને ક્યારેક નિષ્ફળતા મળતી હોય છે અને પરિણામે બાળકો નિરાશા અનુભવતાં હોય છે. આવા સમયે ભાગ લેતાં બાળકોને એક ધ્યેય ન રાખતાં અન્ય કેટલાક ધ્યેયો રાખી પોતાની ક્ષમતા મુજબ ભાગ લઈને સફળતા પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે.
- આવી રીતે બાળકોને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેતાં પહેલાં એની આવડત, કુશળતા અને ક્ષમતા મુજબનાં ક્ષેત્રોમાં ભાગ લેવાનું કહેતાં શરૂઆતમાં તેઓ માનવા તૈયાર ન થતા અને પોતાનો મિત્ર જેમાં ભાગ લે તેમાં જ એક ધ્યેય રાખી ભાગ લેતાં અને આવી વારંવાર નિષ્ફળતાનો અનુભવ કરતાં.
- બાળકને સમજાવતાં એને ખ્યાલ આવ્યો કે હવે મારે મારા મિત્ર જેમાં ભાગ લે એ એની કુશળતા,આવડત અને ક્ષમતા છે એ મારી ક્ષમતા નથી.
- તેની બાળકને સમજણ થતાં અને આવડત, કુશળતા અને ક્ષમતા મુજબના ક્ષેત્રમાં ભાગ લેવડાવતા બાળક હોંશે હોંશે તેમાં ભાગ લેતો થયો અને પોતાની આવડત અને કક્ષા મુજબનાં ક્ષેત્રમાં આગળ વધતો થયો.
- ઘણીવાર એવું બનતું કે બાળકની આવડત રમતગમતમાં હોય અને વક્તૃત્વમાં ભાગ લે તો પછી નિષ્ફળતા જ મળે ને બાળકને સાચું સમજાવતા એ સમજ આવી કે મારી આવડત રમતગમતમાં હોય તો મારે રમત ગમતનાં ક્ષેત્રમાં ભાગ લેવો જોઈએ અને બાળકને સમજાતાં બાળક રમતગમતનાં ક્ષેત્રમાં ભાગ લઈ શાળા કલસ્ટર અને તાલુકા કક્ષા સુધી પહોંચ્યા છે. જેનો આનંદ છે કારણ બાળક એક ધ્યેય રાખી જે નિરાશા અનુભવતા હતાં. તેમાં સમજણ આવતાં જે મુશ્કેલીઓ ઊભી થતી તેમાં પાર ઉતરીને સફળતા તરફ વળ્યાં છે.
- આમ બાળકોએ એક જે રાખી મુશ્કેલી અનુભવાને બદલે સાચી પરિસ્થિતિનું અવલોકન કરી તેમાં ભાગ લઈ સફળતા પ્રાપ્ત કરે તે ખૂબ જરૂરી છે અને બાળકો આમ મુશ્કેલીમાંથી બહાર નીકળી સફળતા તરફ વળ્યાં છે.

20



❖ ઇનોવેટરનું નામ :- સિંધવડ રશ્મિ ગીરીશભાઈ

❖ શાળાનું નામ :- પી એમ શ્રી બંદર પ્રાથમિક શાળા

તાલુકો :- માંગરોળ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9909084075

## ગણિત વિષયને સરળ અને રસપ્રદ બનાવીએ

- જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાની પી એમ શ્રી બંદર પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી સિંધવડ રશ્મિ ગીરીશભાઈ 5-9-2011 થી ગણિત-વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે.
- બંદર પ્રાથમિક શાળામાં મોટાભાગના વિદ્યાર્થીઓ પ્રયોગ પ્રવૃત્તિની સરળ પદ્ધતિ જાણતા ન હતા. ગણિતના કઠીન બિંદુઓ સમજવામાં મુશ્કેલી પડતી હતી. તથા વર્ગખંડમાં શીખવા શીખવવાની પ્રક્રિયા ધીમી લાગતી હતી. આથી શિક્ષણની પ્રક્રિયા ઓછી રસપ્રદ જણાતા બાળકોને વિવિધ ગાણિતિક રમતો, પ્રાયોગિક મોડેલો અને શોર્ટ ટ્રીક દ્વારા ગણિત વિષય પ્રત્યે રસ રુચિ વધી શકે એ હેતુથી આ નવતર પ્રવૃત્તિનો ખ્યાલ આવ્યો અને નવતર પ્રવૃત્તિ નું આયોજન કર્યું.
- આ માટે સૌપ્રથમ ગણિતના પ્રાયોગિક મોડેલ બનાવ્યા અને અધ્યયન નિષ્પત્તિને પ્રાયોગિક રીતે શીખવવાનું શરૂ કર્યું. તથા વિવિધ શોર્ટ ટ્રીક્સ દ્વારા અને ગાણિતિક રમતો દ્વારા ગણિત વિષય રસપ્રદ બનાવવામાં આવ્યો. બધા જ એકમોની સમજૂતી ખૂબ સરળતાથી મેળવતા થયા અને ગણિત વિષય પ્રત્યેનો ડર દૂર થયો તથા ગણિત વિષયની અવગણના દૂર થઈ.








❖ ઇનોવેટરનું નામ :- રાવલિયા તતિક્ષાબેન પરબતભાઈ


❖ શાળાનું નામ :- નાનડિયા પે.સે. શાળા


તાલુકો :- માણાવદર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9638474212


# સામાજિક વિજ્ઞાનની સરળ ટૂંકી ચાવીઓ

- જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાની શ્રી નાનડિયા પે. સેન્ટર શાળામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે પોતાની ફરજ બજાવે છે.
- તેઓ શાળામાં સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, રમતગમત ક્ષેત્રમાં તેમજ વિદ્યાર્થીઓના હિત અને વિકાસ માટે થતી તમામ પ્રવૃત્તિમાં પોતાનું વિશેષ યોગદાન આપે છે.
- સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત રાજ્ય અને પાટનગરના નામ વિદ્યાર્થીઓને એકી સાથે યાદ રાખી શકતા ન હતા. આ સમસ્યાને પહોંચી વળવા માટે તેઓએ રાજ્યના નામની સરળ ટૂંકી ચાવી બનાવી.
- પ્રાર્થનાસભા કાર્યક્રમ અંતર્ગત સમૂહમાં વિદ્યાર્થીઓને મૌખિક પુનરાવર્તન ચાલુ કરાવ્યું.
- એકાદ મહિના સુધી આ મહાવરો કરતાં વર્ગખંડના 95% વિદ્યાર્થીઓ રાજ્યના નામ સાથે પાટનગર પણ એકી સાથે બોલી શકતા હતા.
- આ પ્રયોગમાં સફળતા મળતા જિલ્લાના નામોની ટૂંકી ચાવી બનાવી અમલમાં મૂકી. માહિતી રસપ્રદ બનવા લાગી અને વિદ્યાર્થીઓમાં શીખવાની ધગશ પણ વધવા લાગી.
- આ જ રીતે કેન્દ્રશાસિત પ્રદેશ, ભારતના પાડોશી દેશ, મહાનગરપાલિકાના નામોની ટૂંકી ચાવીઓ બનાવી અમલવારી શરૂ કરી છે. હજુ મહાજનપદો સરળતાથી યાદ રાખી શકાય તેવી ટૂંકી ચાવી બનાવવાની તૈયારી ચાલુ છે.



22



❖ ઇનોવેટરનું નામ :- યતીન ગોપાલભાઈ વસાણી

❖ શાળાનું નામ :- શ્રી પ્લોટ પ્રા શાળા બાંટવા

તાલુકો :- માણાવદર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- **9558602150**

## હર્બેરિયમ હબ

જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના બાંટવા ગામમાં આવેલ શ્રી પ્લોટ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી યતીનભાઈ વસાણી ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે 2021 માં શાળામાં બદલી થઈને આવેલ હતા. તેઓ ગણિત વિજ્ઞાનમાં અવાર નવાર ઘણા પ્રયોગો કરીને બાળકોમાં વિજ્ઞાનને એક રસના વિષય તરીકે બાળકોમાં પ્રસ્થાપિત કરે છે.

વર્ષ 2023 માં ચોમાસા દરમ્યાન તેઓએ બાળકોને અમુક સ્થાનિક વનસ્પતિ વિશે પૂછતાં ખબર પડી કે બાળકોમાં આ વિસ્તારની સ્થાનિક વનસ્પતિનું જ્ઞાન નહિવત છે. બાળકો વનસ્પતિને ઓળખી શકતા ન હતા. તે જોઈ યતીનભાઈને આ ક્ષેત્રમાં કામ કરવાની પ્રેરણા મળી.

તેઓએ બાળકોના જુથ બનાવ્યા અને દરેક જુથને એક કામ સોંપ્યું. દરેક જુથને એક અઠવાડિયે એક વનસ્પતિનું પર્ણ લઈ આવવાનું કહ્યું. લઈ આવેલ પર્ણને પૂરા વર્ગ સમક્ષ રજૂ કરવાનું અને તે વનસ્પતિનું નામ અને તેની ઉપયોગિતા પૂરા વર્ગ સમક્ષ રજૂ કરવાની રહેતી આ માટે તેઓ તેના ઘરમાં વડીલોની મદદ લઈ શકતા હતા. પછીના અઠવાડિયે કોઈ અન્ય જુથ દ્વારા રજૂ કરવામાં આવેલ વનસ્પતિની ઉપયોગિતા કહેવાની રહેતી. આ ઉપરાંત આ લઈ આવેલ પર્ણને હર્બેરિયમ પત્ર વડે સૂકવીને સાચવવામાં આવતા. તેમનું નામ લખવામાં આવતું. આ પત્રની મદદથી પર્ણપોથી તૈયાર કરવામાં આવી. બાળકોને ધીમે ધીમે આ પ્રવૃતિમાં રસ જાગવા લાગ્યો. બાળકો અઠવાડિયે નવા નવા પર્ણો લઈ આવતા થયા અને જે તે વનસ્પતિને ઓળખતા થયા.

આ ઉપરાંત બાળકો જે તે વનસ્પતિના ઉપયોગો તેના પર્ણોનો પ્રકાર તે વનસ્પતિ ફળાઉ છે કે નહીં જેવી અનેક વિશેષતાઓ ઓળખતા થયા જેથી કરીને ઉપરોક્ત સમસ્યાનું નિરાકરણ લઈ આવવામાં તે સફળ થયા.






❖ ઇનોવેટરનું નામ :- મંગલાણી જાનકી ગોવિંદરામ

❖ શાળાનું નામ :- શ્રી દેશીંગા પ્રાથમિક શાળા


તાલુકો :- માણાવદર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9624772497




# પ્રયોગશાળામાં ટેકનોલોજીનો ઉપયોગ

- જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના શિક્ષક મંગલાણી જાનકીબેન વર્ષ 2015 થી ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે .
- તેઓ શાળામાં જોડાયા ત્યારે છ થી આઠના બાળકો વિજ્ઞાન વિષયમાં પ્રયોગ કાર્યમાં રસ લેતા ન હતા.
- વિદ્યાર્થી જ્યારથી શાળામાં એકમ કસોટી શરૂ થઈ ત્યારથી પ્રયોગ આધારિત પ્રશ્નોના જવાબ લખી શકતા ન હતા.
- તેથી શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થી સ્વપ્રયત્ને પ્રયોગ સમજીને કરી શકે તે હેતુસર ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો.
- વિદ્યાર્થીને સ્માર્ટ ટીવીમાં પ્રયોગનું નિદર્શન કરાવવામાં આવ્યું, જેથી વિદ્યાર્થી પ્રયોગકાર્ય કરવા ઉત્સાહિત થયા.
- વિદ્યાર્થી સ્વપ્રયત્ને સમૂહમાં પ્રયોગ કરતા થયા.
- તેના પરિણામ સ્વરૂપે વિદ્યાર્થી એકમ કસોટીમાં પ્રયોગ આધારિત પ્રશ્નોના જવાબ લખતા થયા.





24



❖ ઇનોવેટરનું નામ :- પટેલ ચિરાગકુમાર વૃજલાલ

❖ શાળાનું નામ :- શ્રી જાનુડા પ્રાથમિક શાળા

તાલુકો :- માળિયા ( હાટીના), જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 7574842452

# અંકોની અજાયબી

- શિક્ષકશ્રી ચિરાગકુમાર વૃજલાલ પટેલ વર્ષ 2010થી ગણિત/વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. ઘણી વાર બાળકોને ગણિત વિષયમાં અઘરા લાગતાં મુદ્દાઓ માટે સરળ રીતો બનાવે છે.
- આ માટે તેઓ વૈદિક ગણિત, ગાણિતિક રમતો તેમજ અંક નિર્માણ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં રસ અને રુચિ કેળવાય તેવા પ્રયત્નો કરે છે.
- શાળામાં ગણિત/વિજ્ઞાન મંડળ દ્વારા વિશેષ પ્રવૃત્તિ કરવામાં આવે છે.
- બાળકો પાસે અંકોની અજાયબી પ્રવૃતિની અંદર ધોરણ 6 થી 8 ના લગભગ તમામ વિદ્યાર્થીની ભાગીદારી લેવામાં આવેલ છે.
- આ અંક નિર્માણ પ્રવૃતિમાં વિદ્યાર્થી દ્વારા કોઈ પણ ચાર અંક ઉ.દા. તરીકે 1,2,3,4 દ્વારા અલગ અલગ ગાણિતિક પ્રક્રિયા જેવી કે સરવાળા,બાદબાકી,ગુણાકાર,ભાગાકાર,વર્ગમૂળ,વર્ગ,ફેક્ટોરીયલ દ્વારા 1 થી 100 જેટલા અંકો નિર્માણ કરેલા
- આવી રીતે અલગ અલગ 672 જેટલી અંકોની જોડી દ્વારા 1 થી 100 અંકો નિર્માણ કરેલ છે.
- આ ઉપરાત પ્રથમ પાંચ પૂર્ણવર્ગ સંખ્યા 1,4,9,16,25 દ્વારા 2222 અંકો નિર્માણ કરેલ છે.
- આ અંક નિર્માણ પ્રવૃતિથી વિદ્યાર્થીમાં સર્જનાત્મક અભિગમ કેળવાયો,ગણિત વિષય રસપ્રદ જોવા મળ્યો.
- વર્ગના બાળકોની ગાણિતિક પ્રક્રિયા ઝડપી અને ચોક્સાઈ પૂર્વકની જોવા મળી.
- વિદ્યાર્થીની ગણિત વિષયની PAT અને SAT ની સિદ્ધિમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો.
- તેઓ આ અંક નિર્માણ પ્રવૃતિ છેલા 14 વર્ષથી શાળામાં ચલાવે.
- શાળાના ધોરણ 8 નાં 12 જેટલા બાળકો NMMS ની પરિક્ષામાં રાજ્યકક્ષાના મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરી શિષ્યવૃત્તિનાં હકદાર બન્યા.

❖ ઈનોવેટરનું નામ :- વાળા અભયસિંહ રાયસિંહ

❖ શાળાનું નામ :- શ્રી કન્યા શાળા કુકસવાડા

તાલુકો :- માળિયા ( હાટીના), જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9879869852



## અક્ષરોની અનોખી દુનિયા

➢ માળિયા તાલુકાનાં શિક્ષકશ્રી અભયસિંહ આર. વાળા વર્ષ 2010થી ગણિત/વિજ્ઞાન શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. તેઓએ વિદ્યાર્થીનું લેખન કાર્ય સુધરે તે માટે નવતર પ્રયોગ કરવાનું વિચાર્યું. તેમની કારકિર્દીની શરૂઆતથી જ તેમણે નક્કી કર્યું કે સુંદર અક્ષર વાળું લેખન વિદ્યાર્થીને કરાવું.

➢ ૨૦૧૨ થી તેઓએ આ કાર્યની શરૂઆત કરી. દર વર્ષે ધોરણ ૩ થી ૮ ના વિદ્યાર્થીઓને નોટબૂકમાં મૂળાક્ષરથી શરૂઆત કરી ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ત્રણેય ભાષામાં લેખનકાર્ય કરાવે છે. યોગ્ય જોડણીનું પણ ધ્યાન આપે છે. ધોરણ ૩ માંથી ૮ માં આવે ત્યારે તેના અક્ષરો એકદમ સુંદર થઈ જાય. વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૪ સુધીમાં દરેક ધોરણના મહતમ વિદ્યાર્થી સુધી આ પ્રક્રિયા પહોંચાડવામાં આવી, જેના કારણે હજારો વિદ્યાર્થીને સુંદર અક્ષરોની ભેટ આપી ચૂક્યા છે. નિયમિત રીતે વિદ્યાર્થીના અક્ષરો તપાસવામાં આવે છે અને લેખન કાર્ય કરાવવામાં આવે છે.

➢ વિદ્યાર્થીનો ઉત્સાહ વધે તે રીતે ધીરજ પૂર્વક સંપૂર્ણ સાતત્યથી આ કાર્ય કરવામાં આવે છે. શીખી ચૂકેલા વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીને તૈયાર કરવાની જવાબદારી સાથે અલગ-અલગ જૂથો બનાવવામાં આવે છે.

➢ આ જૂથકાર્ય પર દેખરેખ રાખવામાં આવે છે. શાળા કક્ષાએ વિદ્યાર્થીના પ્રથમ પ્રયાસથી માંડીને અંતિમ પરિણામ સુધીનો રેકોર્ડ રાખે છે. શાળામાં વિશ્રાંતનો સમય હોય ત્યારે આ કાર્ય કરે છે. વિદ્યાર્થી – વિદ્યાર્થી વચ્ચે સ્પર્ધાત્મક વાતાવરણ સર્જવામાં આવે છે. જેનું સુંદર પરિણામ પ્રાપ્ત થયેલ છે. બીજા શિક્ષકો અને વાલીઓનો સંપૂર્ણ સહયોગ મેળવ્યો છે. ઉતમ અને નમૂનારૂપ લેખન ને નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવે છે. વર્ષમાં બે વખત પ્રદર્શન ગોઠવવામાં આવે છે.

➢ વિદ્યાર્થીનું ગૃહકાર્ય, સ્વ-અધ્યયન, પરીક્ષાની ઉત્તરવાહીઓમાં સુંદર લેખન જોઈ શકાય છે. જે સંદર્ભે S.M.C. તથા વિવિધ સંસ્થાઓ તરફથી પ્રશસ્તિ પત્રો મળી ચૂક્યા છે. આજ સુધીમાં હજારો વિદ્યાર્થીઓને સુલેખન કરાવી ખૂબજ સારું પરિણામ મેળવી ચૂક્યા છે.



❖ ઇનોવેટરનું નામ :- વાળા બહાદુરસિંહ વનરાજસિંહ

❖ શાળાનું નામ :- સી.આર.સી. આલીધ્રા

તાલુકો :- મેંદરડા, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9429488223

# પુસ્તકપથ

- શ્રી બહાદુર સિંહ વનરાજસિંહ વાળા સી.આર.સી કોઓર્ડીનેટર તરીકે મેંદરડા તાલુકાના આલીધ્રા કલસ્ટરમાં ફરજ બજાવી રહ્યા છે.
- તેમના દ્વારા કલસ્ટરની શાળાઓની મુલાકાત વખતે વિદ્યાર્થીઓમાં મોબાઈલ અને ટી.વી. જેવા માધ્યમો પ્રત્યે વધુ આકર્ષણને કારણે શારીરિક અને માનસિક નુકસાન ન થાય તેના માટે તેમને પુસ્તકો પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય તેવાપ્રયત્ન કરવામાં આવ્યા છે.
- વિદ્યાર્થીઓમાં પુસ્તક પ્રેમ વધે તે માટે તેમના દ્વારા ધોરણ 6 થી 8 ના માતૃભાષાના પુસ્તકમાં સમાવિષ્ટ એકમોના લેખકો અંગે ખૂબ જ સુંદર ચાર્ટ દ્વારા શાળા મુલાકાત વખતે વિદ્યાર્થીઓનો પુસ્તક પ્રત્યેનો રસ જાગૃત કરવા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.
- આ માટે તેઓ પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ લેખકોના જે પુસ્તકો શાળા કક્ષાએ ઉપલબ્ધ ન હોય તેવા પુસ્તકો મુલાકાત દરમિયાન સાથે પણ લઈ જાય છે.
- વિદ્યાર્થીઓને પુસ્તકો અંગેની વાંચનની રસ અને રુચિ વધારવાની સાથે તેમણે વાંચેલા પુસ્તકો અંગે લેખક પરિચય, પુસ્તક પરિચય અને પુસ્તક સમીક્ષા જેવી વિવિધ બાબતો દ્વારા તેમના દ્વારા વિદ્યાર્થીઓનું ઔપચારિક અને અનૌપચારિક મૂલ્યાંકન પણ થઈ રહ્યું છે.
- વિદ્યાર્થીઓમાં સાહિત્ય પ્રત્યે રસ જળવાઈ રહે તે માટે પુસ્તકપથના આ પ્રયોગમાં જોડાનાર તમામ બાળકોને તેમના દ્વારા ઇનામ આપી અને પ્રોત્સાહિત પણ કરાઇ રહ્યા છે. પુસ્તક પથ અંગે તેમનો આ પ્રયોગ ખૂબ જ સફળ રહ્યો છે.
- તેમના આ પ્રયોગ દ્વારા તેઓ 35 જેટલા વિદ્યાર્થીઓમાં સાહિત્ય પ્રેમ ખીલવી શક્યા છે.




❖ ઇનોવેટરનું નામ :- ચાવડા ધર્મિષ્ઠાબેન હમીરભાઈ


❖ શાળાનું નામ :- બંટીયા પે સેન્ટર શાળા

તાલુકો :- વંથલી જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9512777156


## રમતા રમતા શીખીએ

- જૂનાગઢ જિલ્લાની વંથલી તાલુકાની શ્રી બંટીયા પે સે. શાળામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે.
- જે આ શાળાના માત્ર શિક્ષક જ ન બની રહેતા, પરિવારના સભ્યની જેમ રહે છે.
- જે બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે.
- બાળકોના વિકાસની સાથે સાથે વ્યક્તિત્વ વિકાસનો પણ ખ્યાલ રાખે છે. તેઓ અઘરા લાગતા વિષય કે મુદ્દાઓને સરળતાથી શીખવવાનો પ્રયત્ન કરે છે.
- આ ઇનોવેશનમાં તેમણે ભાષા શિક્ષણની અધ્યયન નિષ્પત્તિઓને સિદ્ધ કરવા માટે વિવિધ ચાર્ટ્સ, મોડેલ્સ બનાવેલા છે અને ભાષા શિક્ષણને રસપ્રદ બનાવવા પ્રયત્ન કરેલા છે.
- તેમને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ભાષા શિક્ષણ પ્રત્યે બાળકોને રસ લેતા કર્યા છે.
- હાલમાં દરેક બાળકો જૂથમાં કે વ્યક્તિગત રીતે કામ કરે છે.





❖ ઇનોવેટરનું નામ :- મયૂરીબા રાણાભાઇ દયાતર

❖ શાળાનું નામ :- રતાંગ પ્રા. શાળા

તાલુકો :- વિસાવદર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 99139 43100



# વર્ગ એ જ સ્વર્ગ

**The destiny of India is now being shaped in her classroom. - kothari ed. report 1966**

આ અનુસંધાને ભારતનું ભાગ્ય જ્યારે વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું હોય ત્યારે વિદ્યાર્થીઓના પોતાના વ્યક્તિગત વિકાસ વર્ગખંડનું વાતાવરણ વધારે અસર કરે છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ કાર્યશીલતા દાખવે એ માટે અસરકારક અધ્યાપન અને પ્રત્યાયન ખૂબ જરૂરી છે અને એ માટેનો આ નવતર પ્રયોગ છે.

વિદ્યાર્થીઓ વર્ગખંડમાં અસરકારક વર્ગ વ્યવહારમાં કાર્યશીલતા દાખવે એ ખૂબ જ જરૂરી છે અને આ માટે અસરકારક અધ્યયન અધ્યાપન અને પ્રત્યાયન ખૂબ જ જરૂરી છે. એ માટે આ નવતર પ્રયોગ છે.

**સામાજિક વિજ્ઞાન - ગંજીફો # સાપસીડી :-** સામાજિક વિજ્ઞાનના વિષયવસ્તુને અનુરૂપ 52 પત્તાના ચિત્રોના કાર્ડ બનાવીને વિદ્યાર્થીઓ સાપ સીડી રમતા રમતા પાત્રો, સ્મારકો, સ્થાપત્યોને યાદ રાખી શકશે.

**Dark Room :-** થિયેટરમાં ચલચિત્રો જોવાથી લાંબો સમય સુધી યાદ રહી શકે છે એ અનુસંધાને વર્ગખંડને થિયેટર જેવું જ બનાવી સામાજિક વિજ્ઞાનના વિવિધ મુદ્દાઓની સમજ આપવામાં આવે છે.

**Outdoor Activity Game Board :-** અહીં વિદ્યાર્થીઓ આઉટડોર એક્ટિવિટી પોતે જ હેન્ડલિંગ કરે છે અને આગલા દિવસે એ એક્ટિવિટીમાં જોઈતી સાધન સામગ્રી તેમને પૂરી પાડવામાં આવે છે

**Evolution Board :-** શિક્ષક વિદ્યાર્થીઓને જે એકમ ભણાવે એ અંતર્ગત વિદ્યાર્થી તેમાં આવતા મુદ્દાઓમાં કઠિન લાગતા મુદ્દાઓ રેડ ઝોનમાં અને સમજાઈ ગયેલા મુદ્દાઓ યેલો ઝોનમાં લગાડશે. જેનાથી વિદ્યાર્થીઓ પોતે જ પોતાનું મૂલ્યાંકન કરતા થશે.

**Marrow Mode :-** આ નવતર પ્રયોગ અંતર્ગત વિદ્યાર્થીઓમાં પર્સનાલિટી સ્કિલ ડેવલોપમેન્ટ કરવા માટે વર્ગખંડમાં એક મોટા દર્પણને રાખવામાં આવ્યો છે.



**Compound Wall with Black Board :-** આ પ્રવૃત્તિ અંતર્ગત શાળાની કમ્પાઉન્ડ હોલમાં બ્લેક બોર્ડ લગાડવામાં આવે છે જેનાથી વિદ્યાર્થીઓ પોતાના રિસેસ સમયમાં કે ફ્રી પિરિયડ સમય દરમિયાન વિવિધ પ્રકારના ચિત્ર દોરીને, તેમજ વિવિધ પ્રકારના શાબ્દિક રમતો રમીને પોતાની સર્જનાત્મક શક્તિનો વિકાસ કરી શકે છે. હાલમાં દરેક વિદ્યાર્થીઓ ખૂબ જ સક્રિયતા પૂર્વક વર્ગ વ્યવહાર કાર્યમાં રસ દાખવે છે.

29



❖ ઇનોવેટરનું નામ :- મહિડા નીરૂબેન કનુભાઈ

❖ શાળાનું નામ :- શ્રી શોભાવડલા ( લશ્કર ) પ્રાથમિક શાળા

તાલુકો :- વિસાવદર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9974077768

## ભાષાના કાવ્યોનું અભિનય સહ ગાન

➢ જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાની શ્રી શોભાવડલા (લશ્કર) પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ વિદ્યાર્થીઓને અભ્યાસમાં અભિરુચિ વધે અને કોઈ પણ વિષય સરળતાથી સમજી શકે તે માટે અવનવી પ્રવૃત્તિઓ કરાવતા રહે છે.

➢ શાળામાં તેમણે જોયું કે બાળકો કાવ્ય ગાનમાં અભિરુચિ ધરાવતા નથી, તો પછી બાળકો લોકસાહિત્ય અને ગીતો થી કેમ પરિચિત થશે.!

➢ તેથી બાળકોને કાવ્ય ગાન પ્રત્યે અભિમુખ કરવા માટે ગેય અને અગેય બધા જ કાવ્યોને રાગ બેસાડી અને ગાન કરાવવાનું ચાલુ કર્યું. કાવ્ય મુખપાઠ થઈ જાય ત્યાર બાદ કાવ્યનું અભિનય સાથે પ્રસ્તુતિ કરાવતાં.

➢ અભિનયમાં તો અબાલ–વૃદ્ધ બધાને રસ પડે. તેથી વર્ગના નબળા વિદ્યાર્થીઓ પણ નાચતા–નાચતાં કાવ્યો યાદ રાખવા લાગ્યા. અને બીજા દિવસે પ્રાર્થનાસભામાં પણ પ્રસ્તુતિ કરતા હતા.

➢ કાવ્યનો ભાવાર્થ પણ બાળકો સરળતાથી સમજી શકે છે અને લખી શકે છે. તેમના આ પ્રયત્નથી કાવ્ય ગાન પ્રત્યેનો બાળકોનો અભિગમ બદલાયો છે.

➢ તેઓ બાળકોના વૃદ્ધિ અને વિકાસ માટે શાળા કક્ષાએ ઘણી પ્રવૃત્તિઓ કરાવે છે. તે માટે YouTube channel અને fb page પણ કાર્યરત છે. જેમાં શાળાકીય પ્રવૃત્તિઓના ઘણા innovative ideas જોઈ શકાય છે.







- **ઇનોવેટરનું નામ** :- જોષી ચંદ્રેશકુમાર પ્રવીણ કુમાર
- **શાળાનું નામ** :- શ્રી માંડાવડ પ્રાથમિક શાળા
  તાલુકો :- વિસાવદર, જિલ્લો :- જૂનાગઢ
- **મોબાઈલ નંબર** :- 90 99 04 71 71

## લોક સહયોગથી શાળા કલ્યાણ

- NEP 2020 માં શાળામાં લોકો ભાગીદારીથી શાળા વિકાસને ખૂબ પ્રોત્સાહન આપેલ છે. શ્રી માંડાવડ પ્રાથમિક શાળામાં 2022 ના વર્ષમાં જોષી ચંદ્રેશકુમાર પ્રવીણ કુમાર હાજર થયા. તે સમયે શાળામાં ગામ લોકોનો સહયોગ અને લોક ભાગીદારી ખૂબ ઓછી જોવા મળી હતી.
- ગામમાં શાળા પ્રત્યેની દ્રષ્ટિ બદલીને શાળાને યોગ્ય લોક ભાગીદારી અને લોક સહયોગ મળી રહે તે માટે તેમણે પ્રયત્નો શરૂ કર્યા. આ પ્રયત્નો દ્વારા શાળામાં દાતાશ્રી દ્વારા બાળકો માટે ઠંડા પાણીના કુલરની વ્યવસ્થા કરી આપવામાં આવી.
- શાળામાં મેદાન બનાવવા માટે લોક સહયોગથી 400 જેટલા બેલા દાનમાં મળ્યા અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં જે લોક ફાળો થયો તેના દ્વારા કમ્પાઉન્ડ વોલ તૈયાર કરવામાં આવ્યો. દાતાશ્રી દ્વારા દિવાલની અંદર ભરતી ભરવા માટે 85 ટ્રેક્ટર જેટલી લારીથી ભરતી નિશાળને કરી આપવામાં આવી અને મેદાન સમતલ બનાવવામાં મદદ કરી.
- ગામના ટ્રાવેલ્સ બસ રાખનાર દાતાશ્રી દર વર્ષે નિશાળના બાળકો માટે એક પ્રવાસ વિનામૂલ્ય કરવાનું પણ દાન શાળાને આપ્યું છે.
- શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમો વખતે બાળકોને પ્રમાણપત્ર અને શીલ્ડ આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- આમ ટૂંકા સમયમાં "લોક સહયોગથી શાળા કલ્યાણનો" વિચાર ફળીભૂત થતો જણાય છે.



31



❖ ઇનોવેટરનું નામ :- ભડેલીયા મનસુખભાઇ ગોરધનભાઇ

❖ શાળાનું નામ :- PM SHRI લાલપુર પે સેન્ટર શાળા

તાલુકો :- વિસાવદર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9316260995

## હરતી ફરતી પ્રયોગશાળા

- જૂનાગઢ જિલ્લાની વિસાવદર તાલુકાની PM SHRI લાલપુર પે સેન્ટર શાળામાં મનસુખભાઈ જી ભડેલીયા ધોરણ 6 થી 8 માં ગણિત વિજ્ઞાન વિષયનાં શિક્ષક તરીકે 2014 થી ફરજ બજાવે છે. જેવો બાળકોને હંમેશા વિવિધ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તેઓ ગણિત અને વિજ્ઞાન વિષયના તમામ એકમોને પ્રવૃત્તિમય બનાવી સરળતાથી શીખવવાનો પ્રયત્ન કરે છે.
- વર્ષ 2023-24 માં શાળા કક્ષાના વિજ્ઞાન મેળામાં એમને જોવા મળ્યું કે વિદ્યાર્થીઓમાં ક્રિએટિવ થીંકીંગ અને સર્જનાત્મકતાના અભાવે ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થી જાતે કૃતિ બનાવી શકતા નથી અને ઓછી ભાગીદારી નોંધાવે છે.
- આ પરિસ્થિતિને નવો વળાંક મળી રહે તે માટે હરતી ફરતી પ્રયોગશાળાનું નિર્માણ કરવામાં આવ્યું.
- જેમાં ધોરણ 6 થી 8 ની તમામ પ્રવૃત્તિના સાધનોની યાદી તૈયાર કરી. યાદી અનુસાર એકમ મુજબ સાધનોની યોગ્ય ગોઠવણ કરી. પરિણામ સ્વરૂપે શિક્ષક દ્વારા આ પ્રયોગશાળાની મદદથી પ્રાર્થનાસભા, વર્ગખંડમાં તેમજ રિશેષના સમયમાં વૈજ્ઞાનિક સિદ્ધાંત આધારિત રમકડાં અને પ્રયોગોનું નિદર્શન સરળતાથી કરાવી શકાયું. તેથી બાળકો જાતે પ્રયોગ કરવા પ્રેરાય તે માટેનું વાતાવરણ નિર્માણ થયું.



- આ નવતર પ્રયોગથી શાળાના 80% બાળકો વિજ્ઞાન મેળામાં ભાગ લેતા થયા છે. પ્રયોગમાં રસ લેતા હોવાથી વિજ્ઞાન વિષયમાં રસ અને રુચિ કેળવાયા છે.
- વિદ્યાર્થીની સર્જનાત્મકતા અને જીજ્ઞાસાવૃત્તિ વધી.
- તેમનો વિષય પ્રત્યેનો અભિગમ બદલાયો અને વિષયને ઊંડાણપૂર્વક સમજતા થયા. હાલ આ પ્રયોગશાળા કાર્યરત છે






❖ ઇનોવેટરનું નામ :- પરમાર દક્ષાબેન દિલીપભાઈ

❖ શાળાનું નામ :- શ્રી બી.વી.એમ. સૈનિક સ્કૂલ ચાપરડા

તાલુકો :- વિસાવદર, જિલ્લો:- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 7046554336


## Presentation by students

- વિસાવદર તાલુકાની શ્રી બી.વી.એમ. સૈનિક સ્કૂલ ચાપરડાના શિક્ષક પરમાર દક્ષાબેન ધોરણ 6 થી 8 માં વિજ્ઞાન વિષયનો બાળકોને રસપૂર્વક અભ્યાસ કરાવે છે.
- ઘણી વખત બાળકોમાં ઘણું જ્ઞાન હોવા છતાં તેમાં આત્મવિશ્વાસના અભાવથી તે ધાર્યું પરિણામ મેળવી ન શકે. પોતાના પ્રશ્નો, જ્ઞાન ને બીજા સમક્ષ રજૂ ન કરી શકે તેવા બાળકોને ધ્યાનમાં લેતા પ્રેઝનટેશનની શરુઆત કરવામાં આવી. જેમાં બાળકોને ચોક્કસ સમય અને મુદ્દા આપવામાં આવ્યા. જેમાં બાળકો પોતાનાં જ્ઞાન ઉપરાંત અન્ય પુસ્તકો, સમાચારપત્રો નો ઉપયોગ કરી પોતાના મુદ્દાઓને તૈયાર કરે અને વર્ગમાં પોતાના પ્રેઝનટેશનને વર્ગ સમક્ષ રજૂ કરે.
- અભ્યાસક્રમ ઉપરાંત વિશેષ દિવસ ને લગતી વર્તમાન માહિતી વગેરે બાળકો સુધી પહોંચે અને તેમના જ્ઞાનમાં વધારો જોવા મળ્યો.
- ઇનોવેશનમાં ધોરણ છ થી આઠ ના વિદ્યાર્થીઓમાં પ્રેઝનટેશન સ્કીલ, પબ્લિક સ્પિકિંગ સ્કીલને ધ્યાનમાં લેતા અભ્યાસક્રમ તેમજ વિશેષ દિવસ ને લગતા મુદ્દાઓ ઉપર વર્ગમાં પ્રેઝનટેશન કરાવવાનું નક્કી કર્યું. અભ્યાસક્રમ ઉપરાંત આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો જોવા મળ્યો. તદ્ઉપરાંત પુસ્તકાલયના વિવિધ પુસ્તકોનો બહોળા પ્રમાણમાં વાંચન જોવા મળ્યું.
- હાલમાં દરેક બાળકો આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. પોતાના પરિણામમાં ઉત્તરોત્તર પ્રગતિ મેળવી છે. તેમજ સામાન્ય જ્ઞાનને લગતી ક્વિઝ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સુકતાથી ભાગ લે છે અને પ્રોત્સાહિત ઇનામો મેળવે છે.



❖ ઇનોવેટરનું નામ :- હાર્દ સંજયભાઇ દવે

❖ શાળાનું નામ :- BVM સૈનિક શાળા, ચાપરડા

તાલુકો :- વિસાવદર, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9512478104



## Presentation by students

- ઐતિહાસિક ધરોહર ધરાવતા જૂનાગઢ જિલ્લાના સંતોની ભૂમિ વિસાવદર તાલુકાના ચાપરડા ગામમાં હાર્દ સંજયભાઇ દવે એક વસ્તુ નોંધી એ હતી કે માતા પિતાથી દૂર પ્રોત્સાહનના અભાવે અભિવ્યક્તિના અભાવે કેટલાક બાળકો લીડરશીપ સ્કિલ ડેવલોપમેન્ટ નથી કરી શકતા.
- તેમણે ઘણી પ્રવૃત્તિઓ જેમ કે કેસ સ્ટડી પરથી વિશ્લેષણ ડિબેટ ટુર્નામેન્ટ પરથી કૌશલ્ય અને વાત - છટા શીખ્યા.
- ક્લાસમાં કમાન્ડરની પોસ્ટ બનાવીને જવાબદારી સાથે ટાઈમ મેનેજમેન્ટ,સમસ્યાનું નિરાકરણ કરતા પણ શીખ્યા.
- જેના ફળ સ્વરૂપે વિદ્યાર્થીઓમાં સામાજિક કૌશલ્યો, શાળા સુધારણા, આત્મવિશ્વાસ અને આત્મસ્વમાની ગુણોનો વિકાસ થયો.
- જેના કારણે બાળકો ભવિષ્યના પડકારાની જવાબદારી સાથે તૈયાર થયા.





1

❖ ઇનોવેટરનું નામ :- ચૌહાણ ધર્મિષ્ઠાબેન પ્રવીણભાઈ

❖ શાળાનું નામ :- સરકારી એલ. કે. હાઈસ્કૂલ - કેશોદ

તાલુકો :- કેશોદ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9737804400



## ધોરણ ૧૦ના ગણિત-વિજ્ઞાન વિષયના નબળા વિદ્યાર્થીઓ માટે શાળા સિદ્ધિ કાર્યક્રમ

- શ્રીમતી ધર્મિષ્ઠાબેન ચૌહાણ 2021 થી સરકારી એલ. કે. હાઈસ્કૂલ - કેશોદ ખાતે ગણિત વિજ્ઞાનના માધ્યમિક શિક્ષક તરીકે નોકરી કરે છે. શાળામાં ફરજ દરમિયાન તેમને શાળાનું બોર્ડનું પરિણામ ખૂબ નીચું જોવા મળેલ, શાળાના નીચા પરિણામ માટે ધોરણ ૧૦ના મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાન તથા અંગ્રેજી હતા. તેથી શાળાની પરિણામની છાપ સુધારવી ખુબજ જરૂરી બની હતી અને વિદ્યાર્થી ગણિત વિજ્ઞાન વિષયને અઘરા ગણીને તેમાં રસ પણ ન લેતા હતા.
- તેથી વિદ્યાર્થીમાં ઉત્સાહ વધારવા પ્રયત્ન કરવો જરૂરી બન્યો.
- સમસ્યા અનુભવ કર્યા બાદ શાળાના આચાર્ય સાથે વાત કરી શાળાના ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓના બે કેપ્ટન બનાવ્યા અને બંને કેપ્ટન વારાફરથી પોતાની ટીમમાં બાકીના વિદ્યાર્થીને પોતાની ટીમમાં પસંદ કરવા લાગ્યા અને શાળાના તમામ વિદ્યાર્થીને ભાગ લેવો ફરજીયાત હતો તેથી શાળાના નબળા વિદ્યાર્થી અને હોશિયાર વિદ્યાર્થી બંને સાથે ભાગ લેવા લાગ્યા અને બંને વચ્ચેનું અંતર ઘટ્યું. ત્યાર બાદ શાળામાં એક પ્રકરણ ભણાવવામાં આવતું અને ત્યારબાદ બંને ગ્રુપની ભણાવેલ પ્રકરણના પ્રશ્નોતરીની સ્પર્ધા રાખવામાં આવતી અને સ્પર્ધામાં બધા વિદ્યાર્થીએ જવાબ દેવાનો હતો. જે ટીમ જીતે તે ટીમનો વિદ્યાર્થી ધોરણ ૧૦નો મોનિટર બનતો અને બાકીના વિદ્યાર્થી શાળા સંચાલન માં ભાગ લેતા તેથી મોનિટર બનવા અને શાળાનું સંચાલન મેળવવા પોતાની ટીમને જીતાડવા હોશિયાર અને નબળા બંને વિદ્યાર્થીઓ મેહનત કરવા લાગ્યા અને હોશિયાર વિદ્યાર્થી નબળા વિદ્યાર્થીને મહેનત કરાવવા લાગ્યા અને નબળા વિદ્યાર્થીઓ ઘરે જઈને પણ મેહનત કરવા લાગ્યા.
- જેનું પરિણામ સ્વરૂપ ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ ખુબ ઉંચુ જોવા મળેલ જે મુજબ છેલ્લા ત્રણ વર્ષનું શાળાનું ધોરણ ૧૦ બોર્ડ પરિણામ

| વર્ષ | ગણિત | વિજ્ઞાન |
|---|---|---|
| 2022 | 11% | 29% |
| 2023 | 20% | 17% |
| 2024 | 92% | 94% |



❖ ઇનોવેટરનું નામ :- શાંખલા કલ્પેશ પરષોત્તમભાઈ

❖ શાળાનું નામ :- સરકારી ઉ.મા. (વિ.પ્ર.) શાળા - બંધાળા

તાલુકો :- જૂનાગઢ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9909805005

## સહ અભ્યાસિક પ્રવૃત્તિઓની જીવન પર અસરકારકતા

- જૂનાગઢ તાલુકાની સરકારી ઉ.મા.(વિ.પ્ર.)શાળા–બંધાળામાં ઉ.મા.માં શિક્ષક તરીકે ફરજ બજાવે છે.
- જેઓ વિદ્યાર્થીની રુચિ અને શક્તિને ઓળખી સર્વાંગી વિકાસ માટે સહ-અભ્યાસિક પ્રવૃત્તિ કરાવે છે. તેઓ જીવવિજ્ઞાન શિક્ષકની સાથે ગુજરાત સરકાર માન્ય પર્વતારોહણ (ટ્રેકિંગ) ઇન્સ્ટ્રક્ટર છે.
- તેઓ 1 વર્ષમાં 500 થી વધુ અન્ય શાળાના 6 વર્ષથી મોટા બાળકોના ટ્રેકિંગ કેમ્પ કરાવે છે.
- રાષ્ટ્રીય તહેવારોમાં વિદ્યાર્થી ઓછા આવતા અને રસ પણ નહોતા લેતા, રાષ્ટ્રીય તહેવારનો ઉત્સાહ જ જોવા ન મળતો હતો અને આવા રાષ્ટ્રીય તહેવારને રજા ગણતા.
- હાલ તેમની શાળા માત્ર વિજ્ઞાન પ્રવાહ ઉ.મા. હોવાથી શાળામાં વિદ્યાર્થી જ ઓછા છે. તેથી કાર્યક્રમ કરનાર અને જોનાર બંને વર્ગ ઓછો હોવાથી આવા તહેવારનો ઉત્સાહ ઓછો જોવા મળેલ સાથે પર્યાવરણ પ્રત્યે જાગૃતિનો અભાવ પણ જોવા મળેલ. તેથી વિદ્યાર્થીમાં ઉત્સાહ વધારવા પ્રયત્ન કરવો જરૂરી બન્યો.
- આ સમસ્યા અનુભવ કર્યા બાદ શાળાના આચાર્ય સાથે વાત કરી શાળાના જે વિદ્યાર્થી ગિરનાર પર્વત પર ધ્વજ વંદન કરવા ઇચ્છતા હતા અને થોડો રસ દાખવતા હતા તે વિદ્યાર્થીને 2016 માં ધ્વજ વંદન કાર્યક્રમ માટે લઇ ગયેલ ત્યાં અન્ય વિદ્યાર્થી અને આર્મીના જવાનને ત્યાં જોઈને ઉત્સાહિત થયા.
- પછીના દિવસે તે ધ્વજ વંદન વિશ્વ રેકોર્ડમાં સ્થાન પામ્યું અને તેની પ્રેસ નોટ જોઈ પોતાની કરેલ પ્રવૃત્તિથી ગર્વ અનુભવ કરવા લાગ્યા. અને આ કાર્યક્રમમાં આવેલ વિદ્યાર્થી શાળાના અન્ય વિદ્યાર્થીને આ વાતની જાણ કરતા અને સાથે સાથે આવેલ વિદ્યાર્થીનું શાળા દ્વારા સન્માન કરવામાં આવ્યું.
- ત્યારથી દર વર્ષે આવા રાષ્ટ્રીય કાર્યક્રમમાં રસ લેતા થયા અને હાલની શાળાના વિદ્યાર્થી પણ આવી રીતે ઉત્સાહ પૂર્વક ભાગ લે છે અને આવા કાર્યક્રમમાં ભાગ લેતા થયા છે અને સાથે સાથે પર્વત પર રહેલ પ્લાસ્ટિકનો કચરો પણ સાફ કરતા થયા અને પ્રકૃતિ પ્રત્યે જાગૃત પણ થયા અને ધીમે ધીમે શાળાના વિદ્યાર્થી 5 % થી 100 % સુધી જોવા મળેલ.

3



❖ ઇનોવેટરનું નામ :- ડો. ઠાકોર હેમલભાઈ રાજેન્દ્રસિંહ


❖ શાળાનું નામ :- સ્વ. ટી એલ વાળા કન્યા વિદ્યાલય

તાલુકો :- જૂનાગઢ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- **9824222466**

# ગૂગલ ઉપકરણોનો વર્ગખંડમાં વિનિયોગ

- જુનાગઢ જિલ્લા અને તાલુકાની સ્વ.ટી.એલ.વાળા કન્યા વિદ્યાલયમાં ઉ.મા.વિભાગમાં અર્થશાસ્ત્રના શિક્ષક તરીકે 18 વર્ષથી ફરજ બજાવે છે. જેઓ જીલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા છે.
- વિદ્યાર્થીઓમાં ગોખણપટ્ટીના બદલે સમજણ શક્તિ વિકસાવવા તેમજ વર્ગખંડના અધ્યયન કાર્યને રસપ્રદ અને અસરકારક બનાવવા માટે તેઓએ પરંપરાગત અધ્યયન પધ્ધતિને બદલે ટેકનોલોજીનો સમન્વય કરી વર્ગખંડમાં Google Docx, Google Sheets, Google Slides, Google Earth - 2D અને 3D, YouTube channel, Google Sites, Google Classroom, Google Forms, Gemini જેવા ગૂગલના વિવિધ ઉપકરણોનો વિનિયોગ કરી વિદ્યાર્થીઓના અધ્યયન કૌશલ્યમાં વધારો કરવા માટે પ્રયત્ન કરેલ છે.
- શિક્ષક દ્વારા ઉપર્યુક્ત ગૂગલ ઉપકરણોના વર્ગખંડમાં વિનિયોગની સીધી અસર વિદ્યાર્થીઓના પરિણામમાં જોવા મળે છે.ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત માર્ચ-2024ની પરીક્ષામાં શાળાની 21 વિદ્યાર્થીનીઓએ અર્થશાસ્ત્ર વિષયમાં **A1** ગ્રેડ પ્રાપ્ત કરેલ તેમજ વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન વિષયમાં એક વિદ્યાર્થીની 100 ગુણ સાથે બોર્ડમાં પ્રથમ ક્રમે રહેલ.






4



❖ ઇનોવેટરનું નામ :- વાઘેલા શૈલેન્દ્રસિંહ દીલાવરસિહ

❖ શાળાનું નામ :- સ્વ.ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય જુનાગઢ

તાલુકો :- જૂનાગઢ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 8460020330

# શારીરિક કૌશલ્યના વિકાસની વિધાયક અસરો

- છેલ્લા 18 વર્ષથી સ્વ.ટી.એલ. વાળા કન્યા વિદ્યાલય જુનાગઢ શહેરમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં મનોવિજ્ઞાન અને યોગ સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ જેવા વિષયોમાં ધોરણ 11 અને 12 માં શિક્ષણ કાર્ય કરાવે છે. જે દરમિયાન ધ્યાનમાં આવ્યું કે વિદ્યાર્થીનીઓ શારીરિક રીતે સક્ષમ હોવા છતાં પણ રમતગમત ક્ષેત્રે અને સ્પર્ધામાં સફળતા પ્રાપ્ત કરી શકતી નથી જેના કારણે રમતગમત પ્રત્યે ઉદાસીનતા જોવા મળતી હતી.
- શાળાની વિદ્યાર્થીનીઓને રમતગમત અને સ્પર્ધામાં આગળ વધારવા માટે સઘન પ્રયત્ન કરવાનો શિક્ષક દ્વારા નક્કી કરવામાં આવ્યું. આ માટે યોગ ધ્યાન રમતગમત આધારિત કૌશલ્યો નો વિકાસ થાય અને રમતગમત ક્ષેત્રે રુચિમાં વધારો થાય તેવા પ્રયત્નો શિક્ષક દ્વારા કરવામાં આવ્યા.આ સમસ્યાને કારણે આ નવતર પ્રયોગનું આયોજન શરૂ.
- શાળામાં પ્રાર્થના સભા દરમિયાન અઠવાડિયામાં બે દિવસ યોગ અને ધ્યાનની શરૂઆત શિક્ષક દ્વારા કરાવવામાં આવી ઉપરાંત વ્યાયામના તાસ દરમિયાન શારીરિક કસરત દ્વારા વિદ્યાર્થીનીઓનું શરીર લચીલું બને અને સ્પર્ધા માટે યોગ્ય કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી સર્વાંગી સુંદર વ્યાયામની શરૂઆત શિક્ષક દ્વારા કરાવવામાં આવી.
- આ નવતર પ્રયોગ બે વર્ષ સુધી કરવાથી તેના પરિણામ સ્વરૂપે છેલ્લા બે વર્ષ દરમિયાન શાળાની વિદ્યાર્થીનીઓ આચાર્ય કરાટે સ્પર્ધામાં જિલ્લા કક્ષામાં સફળતા પ્રાપ્ત કરવા લાગ્યો છેલ્લા બે વર્ષ દરમિયાન 30 થી વધુ વિદ્યાર્થીનીઓ ખેલ મહાકુંભની આર્ચરી અને કરાટે સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ 1 થી 3 નંબર મેળવી સફળતા પ્રાપ્ત કરી.






5



❖ ઇનોવેટરનું નામ :- ડૉ. ખુશ્બુ સી. ગરાળા

❖ શાળાનું નામ :- ગવર્નમેન્ટ ગર્લ્સ હાઇસ્કુલ, જુનાગઢ

તાલુકો :- જૂનાગઢ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9409181638

## શાળામાં બનાવીએ ઔષધિય બાગ

- ઘોરણ 11ના સમાજશાસ્ત્ર પાઠ્યપુસ્તકમાં 'પર્યાવરણ સમજ' નામના પાઠમાં 'પર્યાવરણ ઉપર માનવીની અસર' એ ટોપિકને સમજાવવા માટે આ ઇનોવેશન કાર્ય હાથ ધરવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓ પર્યાવરણ પ્રત્યે તાદાત્મ્ય કેળવે અને પર્યાવરણની રક્ષા માટે પ્રયત્ન કરે અને આગળ જઈને આ કુદરતી વારસાને સંભાળે તે હેતુથી આ નવતર વિચાર આવ્યો.
- ઘરમાં વેસ્ટ પ્લાસ્ટિકની વસ્તુઓ એકઠી કરી તેને જુદાજુદા આકાર આપી અને તેમાં કોઈ એક ઔષધિય છોડ વાવવા માટે જણાવ્યું. દરેક વાવેલ છોડના ગુણ અને તેની ઉપયોગીતા પણ યાદ રાખવી. તેની દેખભાળ પણ તે વિદ્યાર્થીએ પોતે જ કરવાની.
- જ્યારે વિદ્યાર્થી બહાર જાય તો એ છોડને પાણી પાવાનું કામ તે બીજા વિદ્યાર્થીને સોંપીને જાય.
- જ્યાં સુધી તેઓ આ શાળામાં અભ્યાસ કરે છે ત્યાં સુધી તે છોડનું પૂરેપૂરું બાંહેધરી પૂર્વક ધ્યાન રાખશે.
- કવિતાના માધ્યમ દ્વારા તેઓને પર્યાવરણનું મહત્વ સમજાવ્યું. જે વિદ્યાર્થીઓ સારું ચિત્ર બનાવી શકે છે. તેઓએ ખૂબ સુંદર વૃક્ષોના જતનના ચિત્રો પ્રોજેક્ટ તરીકે બનાવ્યા. તેમ જ દરેક છોડની ઉપયોગીતા વિશે પણ તેઓ માહિતગાર થયા.
- આ વિસ્તારની આજુબાજુમાં જે છોડ અથવા તો વૃક્ષો આવેલા હોય તેના વિશેની માહિતી પણ એકઠી કરવાનું કહ્યું અને માનવીના જીવનમાં પર્યાવરણ કઈ રીતે ઉપયોગી છે આ મહત્વ સમજાવવામાં આવ્યું.
- આ રીતે સુંદર એવા કાવ્ય, સુંદર એવી પ્રવૃત્તિ અને પ્રોજેક્ટના માધ્યમ દ્વારા બાળકોએ આ મુદ્દાનું અસરકારક શિક્ષણ પ્રાપ્ત કર્યું.





6



❖ ઇનોવેટરનું નામ :- વૈશ્નવ મીરા સતીષભાઈ

❖ શાળાનું નામ :- શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર ચણાકા (ઉમરાળી)

તાલુકો :- ભેસાણ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 6352389009

## TEACHING THROUGH FIELD VISITS "ક્ષેત્રિય મુલાકત દ્વારા શિક્ષણ"

જુનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાની, શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર-ચણાકા (ઉમરાળી) શાળાના શિક્ષિકા સુશ્રી મીરાબેન વૈશ્નવ, જેઓ ધોરણ-9, 10 માં ગણિત-વિજ્ઞાન જેવા વિષયો સરળ અને રસપ્રદ બનાવવા નવતર પ્રયોગો હાથ ધરે છે.

નવીનત્તમ ટેકનોલોજીનાં સ્માર્ટ યુગમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન ક્ષેત્રે,કૃષિ ક્ષેત્રે,દરિયાઈ ક્ષેત્રે તેમજ ઐતિહાસિક અને ભૌગોલિક સ્થળોથી માહિતગાર થાય તે હેતુથી વિવિધ જગ્યાએ ક્ષેત્રિય મુલાકાત,પ્રવાસ-પર્યટન,શિબિરો અને સેમિનારનું આયોજન કરે છે. તેઓ પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં "પ્રશિક્ષક" તરીકે કાર્યકર્તા છે. સાહસ અને નીડરતાના ગુણોને કારણે માનનીયશ્રી ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ સાહેબે વ્યક્તિગત એવોર્ડ આપી સન્માનિત કરેલ હતા. વિદ્યાર્થીઓને વર્ગખંડથી લઈને વૈજ્ઞાનિકો સાથે મુલાકાત.., SAC-ISRO Lab, PRL, IPR, Science City, Museum, National park, Nature camp, Company Visits વગેરે.. સુધીની સફર કરાવેલ છે.

ક્ષેત્રીય મુલાકાત દ્વારા સર્વાંગી વિકાસ થતો જોવા મળે છે. આ વર્ષે પણ શાળાના 20થી વધુ બાળકો રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચી, ટેબ્લેટ, 3D પ્રિન્ટર, ટેલિસ્કોપ, રોબોટિક્સ કીટ, ડ્રોન કીટ જેવા ઇનામો મેળવેલ છે. આ વિશિષ્ટ સિધ્ધિ બદલ, ભેસાણ તાલુકા વહીવટીતંત્ર દ્વારા બધાને મામલતદાર સાહેબના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરેલ હતા.



सासण के सिंह सदन में सिंह संरक्षण जागरूकता सेमिनार का आयोजन









જૂનાગઢ ભાસ્કર 23-12-2024

છાત્રો, શિક્ષિકા ઇસરોમાં પહોંચ્યા, અવકાશના ભાવિ વિશે જાણ્યું !





❖ ઇનોવેટરનું નામ :- ડૉ. હર્ષા ડી. પાડલીયા

❖ શાળાનું નામ :- શ્રીમતી એ.બી.યુ દોશી હાઈસ્કૂલ- ચુડા

તાલુકો :- ભેસાણ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9428989059

# ભારતનો ઝરૂખો

- જુનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના ચુડા સોરઠ ગામની શ્રીમતી એ.બી.યુ. દોશી હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા ડૉ. હર્ષા ડી. પાડલીયાને સામાજિક વિજ્ઞાન વિષય ભણાવતી વખતે જાણમાં આવ્યું કે ધોરણ 9 અને 10ના વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાન વિષયમાં રજૂઆત કરાયેલ સ્થાપત્ય અને સાંસ્કૃતિક વારસાને સમજવામાં તકલીફ જણાતી હતી.
- તે સમસ્યાનું નિરાકરણ લાવવા માટે વિદ્યાર્થીઓના વિવિધ ગ્રુપમાં ભારતના સ્થાપત્ય અને સાંસ્કૃતિક વારસાને રજુ કરતા વિવિધ ચિત્રો આપવામાં આવ્યા અને વિદ્યાર્થીઓએ ચાર્ટ બનાવ્યા ત્યારબાદ એ વિવિધ ગ્રુપ દ્વારા તેનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું.
- શાળાના બાળકોએ તે પ્રદર્શન નિહાળ્યું અને તેમને વિદ્યાર્થી ગ્રુપ દ્વારા ચિત્ર અને ચાર્ટની મદદથી સ્થાપત્ય અને સાંસ્કૃતિ વારસા વિશે સમજ આપવામાં આવી હતી.
- તેમના આ કાર્યને લીધે વિદ્યાર્થીઓમાં સામાજિક વિજ્ઞાન વિષય પ્રત્યે રસ જાગૃત થયો અને તેમના આ કાર્યને શાળાના આચાર્ય, સંચાલક મંડળ અને ગ્રામજનોએ ખુબજ સરસ રીતે બિરદાવ્યું.







8





❖ ઇનોવેટરનું નામ :- આસોદરીયા રાહુલકુમાર ભિખાભાઈ


❖ શાળાનું નામ :- શ્રી સરદાર પટેલ કન્યા વિધ્યાલય


તાલુકો :- ભેસાણ, જિલ્લો :- જૂનાગઢ


❖ મોબાઈલ નંબર :- 8140168571


# ટેકનોલોજી દ્વારા ભૂમિતિને સરળ રીતે સમજવી.

- ભેસાણ તાલુકાના છોડવડી ગામની શ્રી સરદાર પટેલ કન્યા વિધ્યાલયમાં શ્રી આસોદરીયા રાહુલકુમાર ધોરણ 9 અને 10માં ગણિત-વિજ્ઞાન વિષયનાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. વર્ગખંડમાં વિષયવસ્તુની સમજૂતી દરમિયાન જોવા મળ્યું કે વિધ્યાર્થીઓ ક્ષેત્રફળ અને પૃષ્ઠફળનાં દાખલાની ગણતરી દરમિયાન ખોટા સૂત્રોનો ઉપયોગ કરી રહ્યા છે. વિધ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રુચિ વધે અને નવીન ટેકનોલોજીથી પરિચિત થાય એ માટે શાળામાં તેમનો સતત પ્રયાસ રહ્યો છે. તેમજ શાળામાં બાળકોને હંમેશા વિવિધ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. આ ઈનોવેશન દ્વારા તેમણે બાળકોમાં ગણિત વિષયનાં ભારણને હળવો કરવા માટે વિવિધ ચાર્ટ્સ, મોડેલ તેમજ 3D એનિમેશનનો ઉપયોગ કરી ગણિત વિષયને રસપ્રદ બનાવવા પ્રયત્નો કર્યા છે.
- ટેકનોલોજીના ઉપયોગથી અને વિધ્યાર્થી દ્વારા મોડેલનાં નિર્માણ થકી વિધ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી શકાય છે જેથી વિધ્યાર્થીઓને અઘરા પ્રશ્નોની માયાજાળમાંથી બહાર કાઢીને તેમની વિષયવસ્તુ પ્રત્યેની ભાવનાને જાગૃત કરી શકાય છે.
- ટેકનોલોજી દ્વારા શિક્ષણથી બાળકો વધુ રસ-રુચિ કેળવતા થાય છે.
- શિક્ષણમાં ટેકનોલોજીનું સંકલન વિધ્યાર્થીઓને આકર્ષક શીખવાનો અનુભવ પ્રદાન કરે છે.
- વિધ્યાર્થીઓ ઉત્સાહભેર ટેકનોલોજી અને ડિજિટલ શિક્ષણને સ્વીકાર કરે છે.
- ઈન્ટરનેટ અને સ્માર્ટ ફોન (મોબાઈલ) નો સદઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત થાય છે.
- ડિજિટલ શિક્ષણથી વર્ગખંડમાં વિધ્યાર્થીઓ રેગ્યુલર અભ્યાસક્રમ તરફ વળે.
- વર્ગખંડમાં ટેકનોલોજીના પ્રત્યક્ષ માધ્યમથી વિષય વસ્તુનો મહાવરો થતો હોવાથી શીખવાની પ્રક્રિયા ઝડપી બને છે.





9



❖ ઇનોવેટરનું નામ :- **રીઝવાન વાય. કોતલ**

❖ શાળાનું નામ :- **શ્રી માધ્યમિક શાળા, માંગરોળ**

તાલુકો :- **માંગરોળ,** જિલ્લો :- **જૂનાગઢ**

❖ મોબાઈલ નંબર :- **9824966331**

## રીયલ ટાઈમ આલ્કોહોલ ડીટિકશન એન્ડ ઓટો કટઓફ એન્જીન સીસ્ટમ

- જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાની શ્રી માધ્યમિક શાળા, માંગરોળ શાળામાં ગણિત-વિજ્ઞાન શિક્ષક તરીકે કાર્ય કરતા રીઝવાન વાય. કોતલ બાળકોને ગણિત – વિજ્ઞાન વિષયમાં રસપ્રદ શિક્ષણ કાર્ય કરવા માટે હમેશા નવાનવા પ્રયોગો બનાવતા રહે છે. જેથી બાળકોમાં ગણિત વિજ્ઞાન પ્રત્યેનો રસ જળવાઈ રહે.
- તેઓ બાળકોને હમેશા પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે.
- તેઓનું માનવુ છે કે ગણિત-વિજ્ઞાન વિષયને વ્યહવાર સાથે જોડવાથી બાળક લાંબા સમય સુધી યાદ રાખી શકે છે.
- પાઠ્યપુસ્તકમાં આવતા મુદ્દાઓને પ્રયોગ દ્વારા વ્યહવાર સાથે જોડવામાં આવે તો બાળક તેને સરળતાથી આત્મસાત કરી શકે છે.
- એમના માટે આ વખતના ઇનોવેશન ફેરમાં તેઓએ રીયલ ટાઇમ આલ્કોહોલ ડીટિકશન એન્ડ ઓટો કટ ઓફ એન્જીન સિસ્ટમનો સુંદર પ્રયોગ રજૂ કર્યો છે.
- જેના પ્રયોગ દ્વારા વાહન ચાલક નશો કરેલી હાલતમાં વાહન ચલાવી શકે નહિ જેથી રોજબરોજ બનતી અકસ્માતની ઘટનાઓને ટાળી શકાય.







❖ ઇનોવેટરનું નામ :- ડો.પરેશ ગોહેલ

❖ શાળાનું નામ :- શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણીયા


તાલુકો :- માળીયા હાટીના, જિલ્લો :- જૂનાગઢ


❖ મોબાઈલ નંબર :- 9909016818

# શાસ્ત્રોનો શિક્ષણમાં વિનિયોગ

- ડો.પરેશભાઈ ગોહેલ છેલ્લા 8 વર્ષથી શ્રી વલ્લભાચાર્ય હાઈ સ્કૂલ માતરવાણીયામાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ શિક્ષણ કાર્ય સાથે છેલ્લા ૨૦ વર્ષથી જોડાયેલા છે.
- પોતાનાં અનુભવ આધારે જોવા મળ્યું કે અમુક વિદ્યાર્થીઓ ઘણીવાર પરીક્ષામાં, પરીક્ષા પહેલા, પરીક્ષા પછી ઘણી બધી માનસિક સમસ્યાનો સામનો કરતા જોવા મળે છે. તેમજ અમુક વિદ્યાર્થી અભ્યાસ દરમિયાન, અભ્યાસ પૂર્ણ કર્યા પછી ઘણી મૂંઝવણ અનુભવતા જોવા મળે છે. અમુક વિદ્યાર્થીઓનો પોતાના મિત્રો સાથેનો વ્યવહાર, તેમજ તેમના માતા- પિતા તેમજ પરિવારના સભ્યો અથવા તો વડીલો તેમજ સાથેના વ્યવહારમાં તેમજ તેમના શિક્ષકો અને આચાર્ય સાથેનું તેમનું વર્તન અને વ્યવહાર અયોગ્ય જોવા મળે છે. અમુક વિદ્યાર્થી આવી માનસિક તેમજ સાંવેગિક અસલામતીનાં લીધે ઘણી વાર વ્યસન અને દુષણનો ભોગ બનતા જોવા મળે છે.
- આમ સનાતન શાસ્ત્રોમાં રહેલ વિચાર, સિદ્ધાંત જ વિદ્યાર્થીની હતાશા દુર કરી શકશે એવું માની પ્રયોજકે જે વિદ્યાર્થીમાં જે પ્રકારની મૂંઝવણ અનુભવે છે તે પ્રકારનાં શાસ્ત્રોના વિચારો તેમજ વિધાનો તેમને આપ્યા તેમજ શાસ્ત્રોનાં આવા વિધાનો સ્કૂલની દીવાલ તેમજ જે તે પ્રકારની મૂંઝવણ અનુભવતા વિદ્યાર્થીને તેને અનરૂપ વિધાન તેમની ૫ નોટબૂક માં લખાવ્યા.
- આમ સમય જતા વિદ્યાર્થીનાં વર્તનમાં પરિવર્તન જોવા મળ્યું.








❖ ઇનોવેટરનું નામ :- ભટ્ટ સંગીતાબેન મુગટ રાય

❖ શાળાનું નામ :- ગ્રામ પંચાયત ગર્લ્સ હાઇસ્કુલ

તાલુકો :- માળીયા હાટીના, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 9427495854



## વ્યાકરણના જુદાજુદા મુદ્દાઓનું રમત દ્વારા શિક્ષણ

➢ જૂનાગઢ જિલ્લાની માળીયા હાટીના તાલુકાની શ્રી ગ્રામપંચાયત ગર્લ્સ હાઇસ્કુલમાં મદદનીશ શિક્ષિકા ભટ્ટ સંગીતાબેન એમ. ધોરણ 9-10 માં ભાષાશિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓ વર્ષ 2016 થી ગુજરાતી અને હિન્દી વિષય ભણાવે છે. ભાષા ભણાવતી વખતે તેમને એવું જણાયું કે જો વિદ્યાર્થીઓ ભાષા શિક્ષણમાં વ્યાકરણમાં રસ લેતા થાય તો ભવિષ્યમાં તેમને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ ભાષામાં વ્યાકરણનું જ્ઞાન ઉપયોગી થાય.

➢ આથી આ બાબતે તેમણે વિચાર્યું ત્યારે તેમને થયું કે જો કોઈ એવી પ્રયુક્તિ બનાવાય તો બાળકોને વ્યાકરણ સમજવામાં તેમજ તેના દ્રઢીકરણમાં સરળતા થાય તેમને રસ પડે. તેમજ ગમ્મત પણ થાય તેથી તેમણે ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આવતા વ્યાકરણના એકમોના મુદ્દાને સમજાવી જુદીજુદી રમતો દ્વારા બાળકોના જ્ઞાનનું મૂલ્યાંકન તેમજ દ્રઢીકરણ કર્યું.

➢ એનું પરિણામ એ આવ્યું કે વિદ્યાર્થીઓને વ્યાકરણ ગોખવાની પ્રક્રિયામાંથી મુક્તિ મળી તેમજ વ્યાકરણ તો પરીક્ષા સમયે જ વાંચવું તેવી માનસિકતા દૂર થઈ. ગુજરાતી ભાષાના ધોરણ 10 ના તેમના આઠ વર્ષના પરિણામો જોઈએ તો દર વર્ષે તેમના વિષયનું બોર્ડનું પરિણામ 90% થી ઉપર રહ્યું છે. માત્ર ભાષાશિક્ષક તરીકે જ નહીં પરંતુ બાળકોમાં મૂલ્યશિક્ષણનો વ્યાપ વધે તે માટે તેઓ સતત કાર્યરત છે.

➢ ધોરણ 10 ની વિદ્યાર્થીની બહેનોને ધોરણ 10માં કઈ રીતે વાંચન કરવું, કેટલા કલાકો વાંચવું, વાંચવાના કલાકોનું આયોજન કઈ રીતે કરવું વગેરેનુ માર્ગદર્શન પણ પૂરું પાડી રહ્યા છે. વર્ષ 2024-25 ની બોર્ડની પરીક્ષામાં પણ તેમની શાળાની વિદ્યાર્થીની બહેનોનું પરિણામ ખૂબ સારું આવશે તે માટે આશાસ્પદ છે.





- ઇનોવેટરનું નામ :- જિજ્ઞેશકુમાર મનસુખલાલ ચતુર્વેદી
- શાળાનું નામ :- શ્રી મિડલ સ્કૂલ - ભલગામ મોટા

  તાલુકો :- વિસાવદર, જિલ્લો :- જૂનાગઢ
- મોબાઈલ નંબર :- 9974537090




## સવાલ શોધન અને ગણિત પૃચ્છા

- વિજ્ઞાન જેવાં લાંબા અભ્યાસક્રમ ધરાવતાં અને ગણાતાં કઠિન વિષય પ્રત્યે બાળકોને રસ પ્રતિપાદિત થાય તેવાં અભિગમથી આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.બાળકો વિષય પ્રત્યે અભિમુખ થાય અને અભિરુચિ કેળવે તે ઉમદા હેતુથી આવુ આયોજન અમલમાં મૂકવામાં આવેલ છે.
- શાળા સમય દરમ્યાન મુક્ત તાસમાં, શાળા સમય બાદ, આસપાસના મિત્રવર્તુળની વચ્ચે, ઘરના સભ્યો સાથે આ પ્રયોગ કરી શકાય છે.
- વર્ષ 2004 થી, વર્ગખંડમાં આ નવીનતમ તકનીકની શરુઆત કરેલ છે .
- વર્ગમાં પાઠની શરુઆત, પ્રસ્તાવના, કઠિન મુદ્દાઓનું સરલીકરણ કરી થોડું મનોરંજન માણી ત્યારબાદ, માધ્યમિક કક્ષાનો વિદ્યાર્થી વિજ્ઞાન વિષયનો કોઈ મુદ્દો લઈ તેનું વાંચન કરી જુદાજુદા પ્રકારના સવાલ શોધી નોંધ કરે અને તેના જવાબ મેળવે. મુદ્દાઓ પરથી સવાલો શોધવા શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવેલ વિવિધ ભીંતપત્રોનો ઉપયોગ કરશે.






❖ ઈનોવેટરનું નામ :- અઘેરા જયનાબેન ગંગદાસભાઈ

❖ શાળાનું નામ :- શેઠ બી. કે . મહેતા હાઈસ્કુલ - ઝાંપોદડ

તાલુકો :- વંથલી, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર :- 7600383448



# વિરામચિહ્નોની આંટીઘૂંટીમાંથી પૂર્ણવિરામ

- વંથલી તાલુકાનાં ઝાંપોદડ ગામની શેઠ બી. કે. મહેતા હાઇસ્કૂલમાં વર્ષ 2016માં અઘેરા જયનાબેન ગંગદાસભાઈ ગુજરાતી ભાષાના શિક્ષક તરીકે જોડાયા.
- શાળામાં ધોરણ 9ના વિદ્યાર્થીઓ શરૂઆતમાં ગુજરાતી ભાષામાં જોડણી અને વિરામચિહ્નોની ખૂબ ભૂલો કરતાં. તેને પરિણામે વિદ્યાથીઓને વિવિધ પરીક્ષાઓમાં માર્કસ પણ ઓછા આવતા હતા. તેમજ ગુજરાતી વિષય લેખનકાર્યમાં વિરામચિહ્નોની ભૂલો તેમજ ઉપયોગનો અભાવ જોવા મળતા આ સમસ્યાના નિરાકરણ અન્વયે વર્ષ 2023માં આ નવતર પ્રયોગ કરવાનો વિચાર ઉદ્દભવ્યો હતો.
- વિદ્યાર્થીઓને રોજ થોડું થોડું લખવા આપવાનું શરૂ કરાવ્યું. આગળ જતાં પાઠ્યપુસ્તકમાંથી પૅરેગ્રાફ, અન્ય પુસ્તક કે છાપાના કટિંગમાંથી સારા અક્ષરે વિરામચિહ્નોની ભૂલ વગર લખવાનું કહ્યું.
- જે વિદ્યાર્થીઓ ભૂલરહિત એક અઠવાડિયું લેખનકાર્ય કરે, તેમને પ્રાર્થના સભામાં ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. તેથી અન્ય વિદ્યાર્થીઓ પણ ભૂલરહિત લેખન કરવા પ્રેરાયા.
- ધોરણ 9ના વિદ્યાર્થીઓ પાસે દરરોજ એક પૅરેગ્રાફ લખાવી સતત મૂલ્યાંકન કરવામાં આવ્યું. તેમજ વિવિધ શાળાકીય પરીક્ષાઓમાં ગુજરાતી ભાષાના મેળવેલ માર્કસના આધારે આ પ્રયોગનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. પ્રયોગને પરિણામે વિદ્યાર્થીઓ ગુજરાતી અને અન્ય વિષયોનું લેખનકાર્ય ભૂલરહિત કરતાં થયા.
- પરીક્ષામાં સારાં માર્કસ પ્રાપ્ત કરી પરિણામ સુધારી શક્યાં. લેખન કાર્યમાં ચોકસાઈ જોવા મળી. ધોરણ 9 માં પ્રયોગ પહેલાં 34 વિદ્યાર્થીઓમાંથી 30 વિદ્યાર્થીના લેખનમાં જોડણી અને વિરામચિહ્નોની ભૂલો જોવા મળતી હતી. પરંતુ પ્રયોગ પછી 29 વિદ્યાર્થીનું લેખન જોડણી અને વિરામચિહ્નોની ભૂલરહિત ચોકસાઈ વાળું જોવા મળ્યું.
- હાલ આ પ્રયોગનું અમલીકરણ ચાલુ જ છે. વધુ વિદ્યાર્થીઓ આ પ્રયોગ અન્વયે લેખનકાર્યમાં સુધારો કરે, તે અંગે પ્રયત્નો ચાલુ છે. દર વર્ષે ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓને આ પ્રયોગના અમલીકરણ દ્વારા લેખન ભૂલરહિત અને ચોકસાઈપૂર્વક થાય તેના પ્રયત્નો કરવામાં આવેલ છે.

## શિક્ષણમાં ઇનોવેશન ફેસ્ટીવલ

નવા વિચારો,  નવી રીત,
શિક્ષણ જગતમાં ઉમંગ અનિત!
ટેક્નોલોજી સાથે જ્ઞાન વધારીએ,
નવા અનુભવોથી દુનિયા સંવારીએ.

ક્યાંય ના અટકીએ,  ક્યાંય ના થાકીએ,
નવા પંથ પર સાથ અડગ રાખીએ.
રમતાંરમતાં શીખવાની મજા,
નવાચારથી લહેરાય જ્ઞાનની ધજા.

ઇનોવેશન ફેસ્ટિવલ,  ઉત્સવ વિશાળ,
વિદ્યાર્થીઓ માટે ઉત્તમ માર્ગ છે ભવિષ્યજાળ.
વિદ્યા જગતમાં ઉજાસ ભભકે,
સપનાઓના દરવાજા ખૂલ્લા છવકે!

ચાલો મળીને દીવો પ્રગટાવીએ,
નવતર શિક્ષણને ગતિ અપાવીએ.
ઇનોવેશનનો આ શણગાર મલકે,
વિદ્યા જગતમાં સૂરજ તડકે!

- મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ
**KRP – Innovation Cell**, જિ. જૂનાગઢ

# *Memorable Moments of Educational Innovation Festival 2024*









